જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૦૫-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

અમે ૯% ઓછી કિંમતે રાફેલ ખરીદ્યા: નિર્મલા સીતારમણ

કોંગ્રેસ એચએએલને લઈ મગરના આંસુ વરસાવી રહી છે,યૂપીએના સમયમાં એક બેઝિક રાફેલની કિંમત ૭૩૭ કરોડ હતી, હવે આ ૬૭૦ કરોડમાં મળશે



ન્યુ દિલ્હી

રાફેલ યુદ્ધ વિમાનને લઈને મચેલો હોબાલો અટકવાનું નામ જ નથી લઈ રહ્યો. આ મામલે આજે પણ લોકસભામાં ચર્ચા થઈ હતી. આ મામલે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોના સવાલોનો રક્ષા મંત્રી નિર્મલા સીતારમણે જોરદાર જવાબ આપ્યો હતો. અગાઉ અરૂણ જેટલી બાદ આજે નિર્મલા સીતારમણે ફરી એકવાર રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કરતા છછનો 'RV' અને 'Q'ની યાદ અપાવી દીધી હતી.

સાથે જ નિર્મલા સીતારમણે HALને લઈને પણ જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે HALને લઈને હાયતોબા મચાવી રહેલી કોંગ્રેસે ઓગષ્ટા વેસ્ટલેંન્ડની ડીલ કેમ HAL પાસેથી આંચકી લીધી. કોંગ્રેસ માત્ર મગરના આંસુ સારી રહી છે. નિર્મલા સીતરમણે આજે રાફેલ યુદ્ધ વિમાન મામલે તમામ આરોપોના સણસણતા જવાબ આપ્યા હતાં. તેમણે કહ્યું કે તેઓએ જ્યારે ડીલ કરી હતી ત્યારે ૧૮ વિમાન તૈયાર તિમાં મળવાના હતા. બાકી ૧૦૮ વિમાન ૧૧ વર્ષના સમયગાળામાં બનવાના હતા. ૨૦૦૮ પછી ૨૦૧૪ સુધી તમે ૧૮ પ્લેન પણ મેળવી ન શક્યા. એવું કેમ?

રક્ષામંત્રીએ કહ્યું હતું કે, અમારી ડીલમાં પહેલું એરક્રાફ્ટ ૨૦૧૬માં થયેલી ડીલના ૩ વર્ષની અંદર આવી જશે. જ્યારે છેલ્લું વિમાન ૨૦૨૨ના અંત સુધીમાં મળશે. ડીલ અનુંસાર આ વર્ષે સપ્ટેમ્બરમાં દેશને પહેલું વિમાન મળી જશે એટલે કે કોન્ટ્રાક્ટ સાઈન થયાંને ૩ વર્ષની અંદર જ યુદ્ધ વિમાન મળતા થઈ જશે. તમે ઓગસ્ટા-વેસ્ટલેન્ડનો ઉલ્લેખ કરાતા નિર્મલા સીતારમને કોંગ્રસને બરાબરની ઘેરતા કહ્યું હતું કે, રાફેલ મામલે વિરોધ કરનારી કોંગ્રેસે ઓગસ્ટા-વેસ્ટલેન્ડનો ઓર્ડર HALને કેમ ન આપ્યો? એટલા માટે કેમકે HAL તમને બીજું કંઈ આપી શકવામાં સમર્થ ન હતું?

નિર્મલાએ કહ્યું કે, તમે વાયુસેનાની પરેશાનીથી વાકેફ હતા છતાં ડીલને અટકાવી દીધી. અહીં રક્ષા ડીલ અને સુરક્ષા માટે થયેલી ડીલમાં અંતર છે. અમે કોઈ રક્ષા ડીલ નથી કરી રહ્યાં. આ સુરક્ષા માટે કરવામાં આવેલી ડીલ છે, કેમકે રાષ્ટ્રીય સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. હું આરોપ લગાવું છું કે તેમની ઈચ્છા જ ફાઈટર પ્લેન ખરીદવાની હતી નહીં. રાષ્ટ્રીય સુરક્ષા ખતરામાં હોવા છતાં તેમણે ડીલને અટકાવી રાખી. સાથે જ તેમણે કહ્યું હતું કે અમે યૂપીએ સરકારની સરખામણીએ ૯ ટકા સસ્તા રાફેલ વિમાનો ખરીદવાનો સોદો કર્યો છે. વિમાનો સંખ્યા ઘટાડી દેવાના આરોપોનો જવાબ આપતા રક્ષામંત્રીએએ સંસદમાં કહ્યું હતું કે, તમારા ૧૮ ફ્લાઈઅવે જહાજને અમે ૩૬ સુધી પહોંચાડ્યા અને બાકી પ્લેનની ખરીદી માટે પણ અમે RAFP મોકલી દીધી છે. જ્યારે પણ ઈમરજન્સીમાં ખરીદી કરવામાં આવે છે ત્યારે માત્ર ૨ સ્કવોડ્રન જ હોય છે. ૧૯૮૨માં જ્યારે પાકિસ્તાન F-16 ખરીદી રહ્યું હતું ત્યારે ભારત સરકારે નિર્ણય લીધો કે મિગ-૨૩ની બે સ્કવોડ્રન યુદ્ધ વિમાન ખરીદવામાં આવે.

વોટબેન્ક માટે દેશની સુરક્ષા સાથે સમાધાન નહીં: પીએમ મોદી

સિલચર/મણિપુર

વડાપ્રધાન મોદીએ શુક્રવારે આસામનાં સિલચરમાં રેલીને સંબોધતા સરકારનાં કાર્યોને ગણાવ્યા હતા. આ ઉપરાંત કોંગ્રેસ પાર્ટી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. આ રેલીમાં તેમણે જનતાને વિશ્વાસ અપાવ્યો કે, National Register of Citizens of India (NRC)નાં લિસ્ટમાંથી એક પણ ભારતીય નાગરિક બાકાત નહિ રહે. વડાપ્રધાનની આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. પીએમ મોદીએ રેલીને સંબોધતા કહ્યું કે, અહીની વિવિધતાએ દેશ માટે ઘણુ યોગદાન આપ્યું છે. જનસભા સંબોધતા મોદીએ કહ્યું, નેશનલ રજીસ્ટ્રર ઓફ સિટીઝન ઓફ ઈન્ડિયા (NRC)ની પ્રક્રિયા દરમિયાન આસામનાં લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

રામ મંદિર મુદ્દે ૧૦ જાન્યુ.એ આગામી સુનાવણી થશે,સુપ્રિમ યોગ્ય બેન્ચનું ગઠન કરશે

૬૦ સેકન્ડમાં જ રામ મંદિર મુદ્દે સુપ્રિમે સુનાવણી ટાળી દીધી

ન્યુ દિલ્હી

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે વિવાદીત જમીનના કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી આગામી ૧૦મી જાન્યુઆરી સુધી ટળી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે યોગ્ય બેન્ચ આગામી ૧૦મી જાન્યુઆરીએ અયોધ્યામાં વિવાદીત જમીનના કેસની સુનાવણી માટે તારીખ નક્કી કરશે. અગાઉના ચીફ જસ્ટિસ દીપક મિશ્રા નિવૃત થતા આ કેસની સુનાવણી માટે કોઈ બેન્ચ નિર્ધારિત નહીં હોવાથી હવે ૧૦ની જાન્યુઆરીથી આ કેસ પર રેગ્યુલર બેન્ચ સુનાવણી કરશે તેમ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ આદેશ આપતા જણાવ્યું હતું.

રામ મંદિર મામલે આજે સુપ્રીમ કોર્ટમાં ફક્ત ૬૦ સેકન્ડ સુનાવણી થઈ હતી. આ દરમિયાન કોઈ પક્ષ તરફથી કોઈ દલીલ રજૂ કરવામાં આવી નહતી. હિન્દૂ મહાસભાના વકીલના જણાવ્યા મુજબ ૧૦ જાન્યુઆરીના આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થશે. આ કેસની સુનાવણી કઈ બેન્ચ કરશે તે અંગે સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટ આ કેસ માટે એક યોગ્ય બેન્ચનું ગઠન કરશે. ૬-૭ જાન્યુઆરીના આ બેન્ચના જજોના નામની જાહેરાત કરાશે. શુક્રવારે ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ એસ કે કૌલની બેન્ચે આજે સુનાવણીમાં જણાવ્યું કે અયોધ્યા જમીનના મૂળ વિવાદના કેસમાં ૧૦ જાન્યુઆરીના યોગ્ય બેન્ચ દ્વારા વધુ આદેશો આપવામાં આવશે. આ કેસ ટેબલ પર આવતા ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે આ રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ કેસ છે અને તે માટે તેમણે ઉપર જણાવ્યા મુજબ ઓર્ડર પાસ કર્યો હતો. બન્ને પક્ષે હાજર રહેલા વરિષ્ઠ વકીલ હરિશ સાલ્વે અને રાજીવ ધવનને કોઈ દલીલ રજૂ કરવાની તક પણ મળી નહતી.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નકાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Parag SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330
3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે ₹450
3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનનાં અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, ઠોરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને પણ આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ વખેત આપવામાંથી ચુકવવા જશે, જે માટે સાથે દર્શાવેલ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેલસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઇચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવ્હુ ઉત્તમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
લાકીના ૫૫૦/- (સોટો જોડવી કરાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
લીમ્ટ ૩ વર્ષ માટે ૩૦૦૦/- (સોટો જોડવી કરાવી)
આપનો કોડ લીમ્ટ ૩ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હપ્તારો કમાવાની તક મળશે જ.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
Total	1850/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

હળવદ ભાજપના આઈટીસેલ પ્રમુખ જેલ હવાલે થતાં લાજવાને બદલે ગાજતા મળતીયાઓ

મળતીયાઓ દ્વારા સોશિયલ મીડિયામાં 'લોરીયાનું કોઇ કાય ઉખેડી નહી શકે' તેવી પોસ્ટ ફરી કરતા ચકચાર



હળવદમાં આગચંપીના બનાવમાં નાસતા ફરતા આરોપીઓને પોલીસ દ્વારા ઝડપી લેવાયા હતા ઝડપાયેલા આરોપીમાં હળવદ ભાજપના આઈટી સેલના પ્રમુખને નામદાર કોર્ટમાં રજૂ કરાતા કોર્ટ દ્વારા જેલ હવાલે કરાયાનો હુકમ કર્યો છે ત્યારે સોશિયલ મિડિયામાં મળતીયાઓ લાજવાને બદલે ગાજી હવાતિયાં મારે છે.

બનાવની જાણવા મળતી માહિતી વિગતો મુજબ હળવદની શાંતિમાં પલિતો ચાંપનારા હળવદ ભાજપ આઈટીસેલના પ્રમુખને પોલીસ દ્વારા ઝડપી લેવાયા હતા અને નામદાર કોર્ટમાં રજૂ કરાતા નામદાર કોર્ટ દ્વારા આરોપીને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો જ્યારે બીજી તરફ ભાજપના આઈટી સેલના પ્રમુખ આ બનાવમાં સંડોવણી ખુલતા રાજકીય આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો તો સાથે જ ભાજપના આઈટીસેલના પ્રમુખ ઝડપાઈ જતા હળવદ ભાજપમાં સોપો પડી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હળવદ માર્કેટિંગ યાર્ડમાં ભોજનાલય ચલાવતા ભાજપના આઈટીસેલ ના પ્રમુખ હિતેશ લોરીયા પોતે કંઇ કર્યુ જ ના હોય તેમ ખુલ્લેઆમ હરતો ફરતો હતો પરંતુ આખરે હિતેશ લોરિયાને રમખાણો મામલે હળવદ પોલીસે દબોચી લેતાં આઈટી સેલ પ્રમુખની હવા નીકળી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો હતો. અત્રે યાદ રાખવુ જ રહયુ કે કાયદો બધા માટે સરખો જ હોય છે કાયદાથી કોઈ પર છે જ નહી.

જયારે બીજી તરફ આઈટીસેલ પ્રમુખની ધરપકડ થતા હળવદમાં અમુક નઠારા તત્વો દ્વારા જાણે આઈટી સેલ પ્રમુખે કોઈ બહાદુરીનું કામ કર્યું હોય તેમ તેના સમર્થનમાં તેના મળતીયાઓ દ્વારા સોશિયલ મીડિયામાં લોરીયાનું કોઇ કાય ઉખેડી નહી શકે તેવી પોસ્ટ ફરતા કરવામાં આવ્યા હોવાનું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

જયારે બીજી તરફ લોકોમાં એવી પણ ચર્ચાઓ થઈ રહી છે કે હળવદની શાંતિમાં પલી ચાપનાર અને પોલીસના હાથે ઝડપાયેલ આઈટી સેલ પ્રમુખ સામે ભાજપ પક્ષ શું કોઇ કાર્યવાહી કરશે કે કેમ ! જેવા અનેક સવાલો હાલ હવે ટોક ઓફ ધી ટાઉન બન્યો છે

અંતે હાલ તો આઈટી સેલ ના પ્રમુખ જેલ ની હવા ખાઈ રહયા છે, મારુ કોઈ કાઈ બગાડી ન શકે તેવી ડંફાસ મારનાર ની હાલ તો હવા નીકળી ગય છે હળવદ પંથકમાં આયટીસેલના પ્રમુખ ના કાટક્ષ વાળા મેસજ ફરતા થતા ભળ શિયાળે રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે.

સોમનાથ દાદાની પ્રાતઃઆરતીનો લાભ લેતા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી

સોમનાથ દાદાની મહાપુજા-દર્શન કરી ધન્યતા અનુભવતા મુખ્યમંત્રી





ગીર સોમનાથ : ભારતવર્ષના આસ્થાકેન્દ્ર પ્રભાસપાટણ સ્થિત મહાદેવ સોમનાથ દાદાની પ્રાતઃ આરતીનો મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ તેમના ધર્મપત્નિ અંજલીબેન રૂપાણી સાથે લાભ લીધો હતો. સોમનાથના દાદાના દર્શને આવેલા મુખ્યમંત્રીએ પ્રાતઃઆરતી બાદ અહિં મહાપુજા-દર્શન કરી ધન્યતા અનુભવી હતી.મુખ્યમંત્રીની સાથે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવેએ પણ પ્રાતઃઆરતી અને મહાપૂજા-દર્શનનો લાભ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે,વર્ષ ૨૦૧૭ માં માસીક શીવરાત્રી જયોત પૂજનની પરંપરાનો મુખ્યમંત્રી ધ્વારા પ્રારંભ કરાયેલ અને આજે પણ શિવરાત્રીના પાવન દિવસે મુખ્યમંત્રી પૂજા અર્ચના કરી ભાવવિભોર થયા હતા.

મહાપૂજા બાદ મુખ્યમંત્રી સાગરદર્શન જતા સોમનાથના પ્રવાસે આવેલા થરાદ તાલુકાની ઈરાટા ગામની માધ્યમિક શાળાની વિધાર્થીનીઓ સાથે ખાસ મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ વિધાર્થીનીઓ પાસેથી તેમના પ્રવાસની જાણકારી મેળવી હતી. પ્રવાસમાં કેટલા શિક્ષકો સાથે છે તે સહિતની વિગતો મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી આનંદ વ્યકત કરતા આરતી આશય અને ભાગ્યશ્રી ચૌહાણે કહયુ કે, માન. મુખ્યમંત્રી અને તેમના ધર્મપત્નિ સાથે અચાનક મુલાકાત થઇ તેઓ સામેથી મળવા આવ્યા તેનો અનહદ આનંદ છે.

મુખ્યમંત્રીએ કપર્દી વિનાયક ગણપતીજીના પણ ભાવપૂર્વક દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીએ મંદિર પરિસરમાં સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીની સોમનાથ મંદિરની મુલાકાત પ્રસંગે પ્રવાસન નિગમના ડિરેકટર ઝવેરીભાઇ ઠકરાર, જિલ્લા કલેકટર અજય પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી ધર્મેન્દ્રસિંહ રહેવર, અધિક કલેકટર એચ.આર. મોદી, મામલતદાર દેવકુમાર આંબલીયા સાથે રહયા હતા. સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ મુખ્યમંત્રીને સ્મૃતિચિન્હ અને શાલ અર્પણ કરી સ્વાગત કર્યુ હતુ.

જૂનાગઢ જિલ્લામાં ઉજ્જવલ્લા યોજના અંતર્ગત ૪૨૭૩૬ ગેસ જોડાણો અપાયા

જૂનાગઢ : ગરીબીરેખાની નીચે જીવી રહેલા પરિવારોને મફત સ્થાનિક રાંધણગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવા સાથે સંબંધિત ઉજ્જવલા યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બલિયામાં લોંચ કરી દીધી હતી દેશના ઈતિહાસમાં પહેલી વખત પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય ગરીબ પરિવારોની કરોડો મહિલાઓને લાભ પહોંચાડનારી યોજનાને અમલી બની રહી છે. દેશમાં ગરીબને હજુ સુધી રસોઈ બનાવવાનો ગેસ (એલપીજી) સુધી હજી પણ મર્યાદિત પહોંચ છે તેવા પરિવારને કોલસાના ઈંધણ પર આધારિત રસોઈ બનાવવાથી સ્વાસ્થ્યથી જોડાયેલ ગંભીર સમસ્યાઓ જોવા મળી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક અનુમાન મુજબ અનેક લોકોના મૃત્યુ ગંદા કોલસા ઈંધણના કારણે થાય છે અને આમાંથી મોટાભાગે મૃત્યુનું કારણ બીનચેપી રોગ જેવા હૃદય રોગ, આઘાત, લાંબા પ્રતિરોધક ફેફસા સંબંધી રોગ અને ફેફસાના કેન્સરનો પણ સમાવેશ છે. ઘરેલૂ વાયુ પ્રદૂષણ બાળકોને થનારા શ્વાસ સંબંધી રોગો માટે મોટી સંખ્યામાં જવાબદાર છે. વિશેષજ્ઞો અનુસાર રસોઈમાં ખુલ્લી આગ સળગાવવી પ્રતિ કલાકે ૪૦૦ સિગારેટ સળગાવવા સમાન છે. બીપીએલ પરિવારોને મફત એલપીજી કનેક્શન પૂરું પાડવાથી દેશમાં રસોઈ બનાવવાની ગેસની પહોંચ તમામ લોકો સુધી સંભવ થશે. આનાથી મહિલાઓનું સશક્તિકરણ થશે અને તેમના સ્વાસ્થ્યની રક્ષા થશે, આનાથી રસોઈ બનાવવામાં લાગતો સમય અને કઠોર પરિશ્રમને ઓછો કરવામાં પણ સહાયતા મળશે. યોજનાથી રસોઈ બનાવવાના ગેસના વિતરણમાં કાર્યરત ગ્રામીણ યુવાઓને રોજગાર પણ પ્રાપ્ત થશે આવા આશય સાથે ભારત સરકારે પહેલા દેશની ગરીબ મહિલાઓનાં આરોગ્ય સુખાકારીને ધ્યાને લઇને ઉજ્જવલા યોજના અંતર્ગત પાંચ કરોડ ધરેલુ ગેસ જોડાણ ઉજ્જવલા યોજના માટે મંજુર કૃયા હતા આ લક્ષ્યાંક ઓગષ્ટ ૨૦૧૮માં પુર્ણ થતા ભારત સરકારે તેમાં વધુ ત્રણ કરોડ પરિવારોને જોડવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરતા હવે દેશનાં આઠ કરોડ જેટલા પરિવારો આ યોજનમાં સમાવિષ્ટ થઈ શકે તેમ હોવાનું ભારતીય પેટ્રોલીયમ લીમીટેડનાં જૂનાગઢ પ્રભાગનાં નોડલ ઓફીસર સુમિતસીંઘે જણાવ્યુ હતુ. શ્રી સિંઘે વધુ વાત કરતા જણાવ્યુ હતુ કે જૂનાગઢ જિલ્લાની વાત કરીએ તો ઈન્ડીયન ઓઈલ કંપની દ્વારા ૨૭૩૦૬, ભારત પેટ્રોલીયમ કંપની દ્વારા ૧૦૮૫૮ અને એચ.પી.સી.એલ. દ્વારા ૪૫૭૨ ઘરેલુ ગેસ જોડાણ ઉજ્જવલા યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં અપાયા છે. આમ જૂનાગઢ જિલ્લામાં ૪૨૭૩૬ જોડાણ જરૂરીયાત મુજબના પરિવારો કે જે ઉજ્જવલા યોજના માટે પાત્રતા ધરાવે છે તે પૈકી બાકી લાભાર્થીઓને જોડાણ મેળવી શકશે. અત્યાર સુધીમાં મેળવેલ જોડાણ ધારકો પૈકી ૯૭ ટકા ગ્રાહકો પોતાનું ગેસ સિલીન્ડર નિયમિત રીફીલ કરાવી રહ્યા છે. બાકી ત્રણ ટકા પરિવારો જેની ગેસની આવશ્યકતા ઓછી છે તેને માટે અલગથી પાંચ કીલો ગેસ સિલીન્ડરની ઉપલબ્ધી કરાવવાની જોગવા કરવામાં આવી રહી છે. જૂનાગઢમાં ૮૨ ટકા ઉજ્જવલા ગેસ જોડાણ ધારકોને ગેસ સ્ટવ અને જોડાણપર લોન વ્યવસ્થા કરી આપવામાં આવી છે.ઉજ્જવલા ગેસ જોડાણ ધારકોને આજનાં દિવસની વાત કરીએ તો રૂા. ૫૦૫માં સિલીન્ડર ભરેલુ મળી રહે છે.

હળવદમાં વિનામૂલ્યે શ્રી સદગુરુ નેત્રયજ્ઞ કેમ્પ (ઓપરેશન સુવિધા સાથે) અને સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ ખૂબ જ સારી રીતે યોજાયો





૫.પૂજ્ય શ્રી રણછોડદાશજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ , ભારત સેવક સમાજ સુરેન્દ્રનગર , સમસ્ત હળવદ યુવા ગ્રુપ અને દવે પરિવાર ના સંયુક્ત ઉપક્રમે સ્વ.પ્રમોદભાઈ કેશવજીભાઈ દવે ની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિતે કાર્યક્રમ નું આયોજન કર્યું હતું

શ્રી સદગુરુ નેત્રયજ્ઞ કેમ્પ માં કુલ ૪૩૮ દર્દીઓ એ આંખ ની તપાસ કરાવી જેમાંથી ૧૨૪ લોકો ને આંખ ના મોતિયા નું નિદાન થયું અને તેમાંથી ૧૦૧ દર્દીઓ ને વિનામૂલ્યે રાજકોટ શ્રી રણછોડદશજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે ટ્રસ્ટ ની બસ માં ઓપરેશન કરવા માટે લઈ જવા માં આવ્યા હતા જેમાંથી ૬૧ ભાઈઓ અને ૪૦ મહિલા દર્દીઓ હતા

સાથે સાથે સ્વૈચ્છીક રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હળવદ ના યુવાનો મહિલાઓ એ સ્વૈચ્છીક રીતે રક્તદાન કર્યું આ કેમ્પ માં ૧૧૭ બ્લડ ની બોટલ એકત્ર કરવા માં આવી જે સિવિલ હોસ્પિટલ કિડની વિભાગ માં જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપયોગ માં લેવામાં આવશે. આ સેવાકાર્ય માં પ.પૂ રણછોડદાશજી બાપુ હોસ્પિટલ, ભારત સેવક સમાજ, શ્રી સરસ્વતી શિશુમંદિર અને સમસ્ત હળવદ યુવા ગ્રુપ તેમજ દવે પરિવારના સભ્યો એ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી અને આ કાર્ય માં સહભાગી થનાર હળવદ સર્વે નાગરિકો નો દવે પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત

ગંભીર રોગ વાળા બાળકોને ડિસ્ટ્રીક અર્લી ઈન્ટરવેશન સેન્ટર સિવીલ હોસ્પિટલ, અમરેલી ખાતે સંદર્ભ સેવા અપાઈ



૨૭ નવેમ્બર ૨૦૧૮ થી ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ થયેલ છે. જેમાં ૦ થી ૧૮ વર્ષ સુધીના શાળા એ જતાં, ન જતાં તેમજ આંગણવાડીના તમામ બાળકોની આરોગ્ય તપાસણી ૪ ડી મુજબ કરવામાં આવે છે. તપાસણી દરમ્યાન જન્મજાત ખામી જેવી કે જન્મજાત હૃદય રોગ, કીડનીની બીમારી, ક્લેફ્ટ લિપ અને ક્લેફ્ટ પેલેટ, સાંભળવાની તકલીફ જેવા ગંભીર રોગ ધરાવતા બાલકોને સંદર્ભ સેવા પુરી પાડી વધુ સારવાર અર્થે હાયર સેન્ટર પર રીફર કરી સંપુર્ણ સારવાર મફતમા આપવામાં આવે છે. આ કાર્યક્રમના ભાગરૂપે તારીખ :-૦૩/૦૧/૨૦૧૯ ને ગુરૂવારના રોજ અમરેલી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના ૧૦ જેટલા હૃદય રોગ, ૨ સાંભળવાની તકલીફ તેમજ ૩ અન્ય ખામી વાળા બાળકોને ડિસ્ટ્રીક અર્લી ઈન્ટરવેશન સેન્ટર સિવીલ હોસ્પિટલ – અમરેલી ખાતે સંદર્ભ સેવા પુરી પાડી હાયર સેન્ટર ખાતે વધુ સારવાર અર્થે રીફર કરેલ. આ સમગ્ર સેવામાં બાળરોગ નિષ્ણાંત ડૉ. કૌશિક બારોટ સાહેબ તથા આર.બી.એસ.કે. ના મેડીકલ ઓફીસર ડૉ. કીશન ગોહીલ, ડૉ. કિન્નાબેન ખુંટ, ડૉ. દિવ્યાબેન મુલાણી ફિમેલ હેલ્થ વર્કર માનસીબેન, નયનાબેન તથા ડિસ્ટ્રીક અર્લી ઈન્ટરવેશન સેન્ટર - અમરેલી ખાતે ફરજ બજાવતા સોશ્યલ વર્કર (કાઉન્સેલર) નરેન્દ્રભાઈ મકવાણા એ ભારે જહેમત ઉઠાવી હતી.

રમશે ગુજરાત જીતશે ગુજરાત અંતર્ગત ભાવનગર ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

ભાવનગર; રમશે ગુજરાત જીતશે ગુજરાત અંતર્ગત તા. ૦૫ ના રોજ સવારે ૦૮/૩૦ કલાકે રાજ્યના માન. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેન્દ્રીય સડક પરિવહન રાજ્યમંત્રી મનસુખભાઈ માંડવિયા, સહકાર, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો) અને વાહન વ્યવહાર વિભાગના રાજ્યકક્ષાના માન. મંત્રી ઈશ્વરસિંહ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ શિક્ષણ(પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ) અને યાત્રાધામ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે, સાંસદ ડો. ભારતીબેન શિયાળ, ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને ઓર્ગેનાઈઝીંગ ચેરમેન સીનીયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ જીતુભાઈ વાઘાણી, ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલયના સચિવ રાહુલ ભટ્ટનાગર, રાજ્યના મુખ્ય સચિવ ડો. જે. એન. સિંઘ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં લીલા ગ્રાઉન્ડ, સીદસર રોડ ભાવનગર ખાતે ખેલ મહાકુંભનો સમાપન સમારોહ, સ્પોર્ટ્સ સંકુલ ખાતે મલ્ટીપર્પઝ સ્પોર્ટ્સ ઈન્ડોર હોલનું લોકાર્પણ, તેમજ ૬૯મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપનો શુભારંભ એમ ત્રિવિધ કાર્યક્રમ યોજાશે તેમ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવ ડી. ડી. કાપડીયાએ જણાવ્યુ છે.



લખપત અને બેટદ્વારકાના ગુરુદ્વારામાં શીખોની ધાર્મિક સંસ્કૃતિ ઉજાગર થશે : મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી

બે ઐતિહાસિક ગુરુદ્વારાના રૂ. ૧૦ કરોડના ખર્ચથી વિકાસ કામોનું લખપતના પ્રથમ પાતશાહી ગુરુદ્વારામાં કારસેવાથી ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રી



મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ શીખ ધર્મના આદ્યગુરુ ગુરુ નાનક દેવજીની જ્યાં સ્મૃતિઓ સચવાયેલી છે, એવા કચ્છના લખપતમાં આવેલા પ્રથમ પાતશાહી ગુરુદ્વારા ઉપરાંત તેમના પ્રથમ પાંચ શિષ્યો પૈકીના એક ભાઇ મોખમસિંહજીના બેટ દ્વારકા ખાતે આવેલા ગુરુદ્વારાના કૂલ રૂ. ૧૦ કરોડના પુનુરોદ્ધાર તથા નવીનીકરણને લગતા વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો કે આ ગુરુદ્વારામાં શીખોની ધાર્મિક સંસ્કૃતિ ઉજાગર થશે અને માત્ર કોઇ એક જ ધર્મનું નહીં, તમામ લોકોને માટે આસ્થાનું કેન્દ્ર બનશે.

કરસેવા થકી ખાતમુહૂર્ત કર્યા બાદ યોજાયેલી સંગતમાં સંબોધનમાં કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ગુરુ નાનકજીનું જીવન માત્ર શીખ સમાજ માટે નહી પણ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે. તેઓ સમગ્ર ભારતીય માટે આદર્શરૂપ છે. તેમાય ગુરુ ગોવિંદસિંઘજીએ ભારતીય સંસ્કૃતિ અને ધર્મના રક્ષણ માટે ઘણો સંઘર્ષ કર્યો હતો. ભારતીય સંસ્કૃતિના ગૌરવ માટે તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પતિ કર્યું હતું. ત્યારે, આવા વીરપુરુષોનો ઇતિહાસ ઉજાગર થાય એવું કરવાની સરકારની પણ જવાબદારી બને છે.

રૂપાણીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને કચ્છ પ્રદેશ અત્યંત પ્રિય છે. તેમણે કરેલા પ્રયત્નોના પરિણામે કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને ભારે વેગ મળ્યો છે. કચ્છની મુલાકાતે આવેલા પ્રવાસી સફેદ રણની સાથે કાળો ડુંગર પણ ફરે, સ્મૃતિવન-ભૂજિયો ડુંગર, માંડવી, જૈન દેરાસર, બૌદ્ધ સર્કિટની સાથે લખપતના ગુરુદ્વારાના દર્શને આવે એવી સુવિધા અહી ઉભી કરવામાં આવશે.

પ્રથમ પાતશાહી ગુરુદ્વારા અને બેટદ્વારકા ગુરુદ્વારામાં યાત્રિકોને માટે વિવિધ સવલતો ઉભી કરવામાં આવશે. જેથી યાત્રિકોને કોઇ પણ પ્રકારની મુશ્કેલીનો સમાનો કરવો નહી પડે. લખપતના ગુરુદ્વારાનો કૂલ રૂ. ૧૭ કરોડના ખર્ચથી વિકાસ થવાનો છે. બાકીની જવાબદારી શીખ સમુદાયે ઉપાડી લીધી છે. તે આવકારદાયક બાબત છે.

મુખ્યમંત્રીએ કચ્છના નાગરિકોને એવી ધરપત આપી હતી કે, ઉનાળામાં પીવાના પાણીની કોઇને પણ તકલીફ નહીં પડવા દેવામાં આવે. પાણી માટે સરકારે નક્કર આયોજન કર્યું છે.

તેમણે એવી પણ વિગતો આપી હતી કે, આજે નારાયણ સરોવર સુધી મા નર્મદાના પાણી પહોંચી ગયા છે. આગામી સંક્રાંત સુધીમાં દરિયાના ખારા પાણીને મીઠા બનાવવાના બે પ્લાન્ટ કચ્છમાં મુંદ્રા અને માંડવી ખાતે નાખવાની કામગીરીની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે. તે પાણીથી ખેતીમાં ક્રાંતિ આવશે.

વડાપ્રધાનની ૧૫ મુદ્દા અમલીકરણ સમિતિના સભ્ય સુશ્રી પરજીતકૌર છાબડાએ રાજ્ય સરકારનો આભાર માનતા કહ્યું કે, ૩૫૦ સાલાના ગુરુ ગોવિંદસિંઘ પ્રકાશવર્ષની ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રીએ આ બે ગુરુદ્વારાનો વિકાસ કરવાની જાહેરાત કરી, તે પાળી બતાવી છે અને ગણતરીના દિવસોમાં તેની કામગીરી શરૂ કરી તે સરકારની સંવેદનશીલતા દર્શાવે છે.

આ વેળાએ રાજ્યમંત્રી વાસણભાઇ આહીર અને સાંસદ વિનોદભાઇ ચાવડાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

મુખ્યમંત્રી રૂપાણીએ પ્રથમ ગુરુદ્વારાના દર્શન કર્યા હતા અને બાદમાં લંગર પ્રસાદ ગ્રહણ કર્યો હતો. શીખ સમુદાય દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ વેળાએ સંતશ્રી લખ્ખાસિંઘજી, અગ્રણીઓ સર્વ અનિરુદ્ધસિંહ, વિમલભાઇ ગુજરાલ, જુગરાજસિંઘ, રાજુભાઇ સરદાર, રવિભાઇ સુરિ સહિત શીખ સમુદાય મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

લખપત ગુરુદ્વારાનો ઇતિહાસ

પ્રથમ ગુરુનો પ્રથમ પ્રસાદ એટલે કે ગુરુનાનકજી સાથે જોડાયેલું ગુરુદ્વારા, જેને પ્રથમ પાતશાહી ગુરુદ્વારા કહેવામાં આવે છે. ગુરુ નાનકજી ઉદાશી એટલ કે ધાર્મિક પ્રસાર યાત્રા દરમિયાન લખપત આવ્યા હતા અને કેટલોક સમય અહીં વીતાવ્યો હતો. તેમની બીજી ઉદાશી ઇસવીસન ૧૫૦૬થી ૧૫૧૩ અને ચોથી ઉદાશી ૧૫૧૯ થી ૧૫૨૧ દરમિયાન તેઓ અહીં આવ્યા હતા. તેઓ લખપત બંદરેથી મક્કા ગયા હતા. આ પાતશાહી ગુરુદ્વારામાં તેમની ચાખડી, શણગારેલો હિંચકો સહિતની વસ્તુ દર્શાનાર્થે રાખવામાં આવી હતી.

બેટ દ્વારકા ગુરુદ્વારાનો ઇતિહાસ

જામનગર જિલ્લાના બેટ દ્વારકા ખાતે આવેલું ગુરુદ્વારા શીખોના પ્રાચીન ધર્મસ્થાનો પૈકીનું એક છે. આ ગુરુ દ્વારા ભાઇ મોખમસિંઘજી સાથે જોડાયેલું છે. ગુરુનાનકના પંજ પ્યારે એટલે કે પ્રથમ પાંચ શિષ્ય પૈકી એક ભાઇ મોખમસિંઘજી બેટ દ્વારકાના હતા અને ગુરુદ્વારાના સ્થળે તેમનો નિવાસ હતો.

પ્રવાસીઓને શું ફાયદો થશે ?

ભગ્નનગર લખપત ઐતિહાસિક અને ભૌગોલિક ઘટનાઓને સંગ્રહીને બેઠું છે. સિંધુ નદીના વહેણ આ નગર પાસેથી વહેતા હતા. એક સમયે લખપત બંદરેથી ભરપૂર નિકાસ થતી હતી. એવી ઉક્તિ પ્રચલિત છે કે લખપતમાં એક દિવસે રૂ. એક લાખ રૂપિયાના ભાત બનાવવામાં આવતા હતા. એટલા માટે નગરનું નામ લખપત પડ્યું છે. નગરને ફરતે કિલ્લેબંધી હતી. તે દિવાલો અને કોટ આજેય અજેય, અડીખમ છે. કચ્છ આવતા પ્રવાસીઓને લખપત આકર્ષે છે. જ્યારે, બેટ દ્વારકા દ્વાપરયુગ કાલિન છે. અહીં પ્રવાસનપ્રવૃત્તિને વેગ મળે એ માટે બન્ને ગુરુદ્વારાના વિકાસ માટે રૂ. ૫-૫ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે. જેમાં નવું ગુરુદ્વારા, સંગ્રહાલય, કિચન, સ્ટોરરૂમ, લંગર હોલ, બગીચો, તળાવનો વિકાસ, ગેસ્ટહાઉસ જેવી સુવિધા ઉભી કરવામાં આવશે. તેની સાથે પ્રવાસન સંલગ્ન રોજગારલક્ષી પ્રવૃત્તિને વેગ મળશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને કચ્છ પ્રદેશ અત્યંત પ્રિય છે, તેમણે કરેલા પ્રયત્નોના પરિણામે કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને ભારે વેગ મળ્યો છે

મહા શિવરાત્રીના કુંભમેળાનું ગરીમાપુર્ણ અને વિશિષ્ટ રીતે આયોજન કરાશે : પ્રવાસન મંત્રી વિભાવરીબેન દવે

મેળામાં સ્વચ્છતા અંગે લાપરવાહી ચલાવી લેવાશે નહીં- મહાનગરપાલીકાને સ્વચ્છતાનો સંપુર્ણ પ્લાન બનાવવા મંત્રીની સુચનાઃ મેળામાં દેશભરના મુખ્ય સંતોને આમંત્રિત કરાશે

જૂનાગઢ : જૂનાગઢ ખાતે ગિરનાર વિકાસ મંડળ અને મહાશિવરાત્રીના શિવકુંભ મેળાના આયોજનને આખરી ઓપ આપવા આજે પ્રવાસન રાજય મંત્રી વિભાવરીબેન દવેએ સ્થાનિક પદાધિકારીઓ, સંતો અને અધિકારીઓ સાથે બેઠક યોજી જાહેરાત કરી હતી કે જૂનાગઢનો આ મેળો રાજયની ઓળખ બને તે રીતે તેનું ગરીમાપુર્ણ, સનાતન અને સામાજિક સમરસતાની સંસ્કૃતિને ઉજાગર કરીને વિશિષ્ટ રીતે ઉજવવાનું રાજય સરકાર, યાત્રાધામ વિકાસ બોર્ડ, મહાનગરપાલિકા અને જિલ્લા તંત્રનું સંયુકત આયોજન છે.

મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીના સામાજિક સમસરતાના અભિગમના સંદર્ભમાં મંત્રીએ કહયું કે સંતો મહંતો, મંડળો, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે સંકલન કરી આ મેળામાં લોકોની સહભાગીતા સાથે વિશિષ્ટ અને અનેરૂ આયોજન કરાશે. કુંભમેળામાં જોવા મળતી સુવિધા અને ઇવેન્ટનો અભ્યાસ અને સુચન ધ્યાનમાં લઇને જૂનાગઢના મેળામાં શું શું કરી શકાય તે માટે મંત્રીશ્રીએ દરેક મુદે સ્થાનિક આગેવાનો અને સંતોના અભિપ્રાય સુચનો લઇ રાજય સરકાર આ મેળા માટે વિશીષ્ટ અને ગરીમા પુર્ણ આયોજન કરવા પ્રતીબધ્ધ છે તેમ જણાવ્યુ હતુ.

મહાશિવરાત્રીના શિવકુ;ભ મેળામાં નવા આયોજનની શકયતા વિચારી આ અંગે તૈયારીઓ કરવા મંત્રીએ જણાવ્યુ હતુ જેમાં મેળામાં પુષ્પવર્ષા, હાથી ઘોડા સાથેની રવેડી, થ્રી-ડી અને લેસર શો, રૂટમાં ગેઇટ સાથેનું સુશોભન, પ્રથમ દિવેસે સંતયાત્રા, મહાઆરતી, આ ઉપરાંત લોકો માટેની કાયમી સુવિધા ઉભી કરવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. જેમા રસ્તાનું નવિનીકરણ, પાણીના પોઈન્ટ, ગટર વ્યવસ્થા તેમજ વિજળી, સી.સી. ટીવી કેમેરા સહિતનું આયોજન કરવામાં આવ્યુ છે.

મંત્રીએ સ્પષ્ટ કહ્યુ કે મેળામાં સ્વચ્છતાને અગ્રતા આપવાની રહેશે. સ્વચ્છતામાં લાપરવાહી ચલાવી લેવામાં આવશે નહી તેમ જણાવી મહાનગરપાલીકાને આખુ ભવનાથ સંપૂણ્ સ્વચ્છ રહે તે માટેનો પ્લાન બનાવી બોર્ડનાં પરામર્શમાં રહી અમલવારી કરવા કહ્યુ હતુ. કુંભ સૈનીકો અને સ્વચ્વછતા દુતની નિયુક્તિ કરવામાં આવશે. હાલ જે સુવિધા છે તેનું વિસ્તરણ કરવામાં આવશે. મંત્રીશ્રીએ બેઠકમાં ઉપસ્થિત ગિરનાર યાત્રાધામ વીકાસ મંડળનાં સભ્યો મહેન્દ્રભાઇ મશરૂ, શૈલેષભાઇ દવે અને પ્રદિપભાઇ ખિમાણીનાં સુચનો ધ્યાનમાં લઇ અધીકારીઓને સુચનાઓ આપવામાં આવી હતી.

મંત્રીએ ગીરનાર રોપ-વે અંગે જણાવ્યુ હતુ કે હેલીકોપ્ટરથી મટીરીયલ્સ શીખર ઉપર પહોંચતુ કરવામાં આવશે. લોકો માટે રોપ વે એકઝીબીશન, રોપવેની ડિજાઈન અને કેબીન સાથે ખુલ્લુ મુકવામાં આવશે. ગિરનાર ઉપરના વિકાસ કાર્યો શરૂ કરવા કેન્દ્રીય કમિટીની મંજુરી બાદ કાર્યવાહી કરવામાં આવશે.

આ બેઠકમાં મેયર શ્રી આધ્યશકિતબેન મજમુદાર, પુનિતભાઇ શર્મા, સંત શેરનાથબાપુ, બોર્ડના સચિવ અધ્વર્યુ, સીસીએફ મહેતા, કલેકટર સૌરભ પારધી, એસ. પી. સૌરભસીંઘ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

ગિરનાર રોપ વેનું મટીરીયલ્સ હેલીકોપ્ટરથી શિખર પર પહોંચાડાશે, રોપ વે શરૂ થાય તે પહેલા એકઝીબીશનનું આયોજન

જય કુંભકાર ॥ સંઘે શકિતે કલૌયુગે ॥ જય કુંભકાર

સમસ્ત પ્રજાપતિ સમાજ સ્નેહ મિલન

ભરૂચ જિલ્લો

≋ આમંત્રણ પત્રિકા ≋



પ્રતિ, _____

આપશ્રીને જાણ કરતા આનંદની અનુભૂતિ થાય છે કે ભરૂચમાં **દ્વિતીય** વખત આપણા ભરૂચ જીલ્લાના સર્વ ગોળ પ્રજાપતિ સમાજનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપને સહકુટુંબ કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ છે. આ પ્રયાસને આપ પ્રોત્સાહન આપશો. આપના સૌના સાથ અને સહકારથી સૌ ભેગા મળીને સમાજની સેવા કરીએ, સમાજના ઉત્કર્ષ માટે આપણે સૌ સાથે બેસીને ચિંતન કરીએ, એવી આશા સહ આપને ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

કાર્યક્રમની રૂપરેખા

- દિપ પ્રાગટય
- પ્રસંગોચિત પ્રવચન
- ધોરણ - ૫ થી ૧૨ ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન
  (વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી જમા કરાવવી જરૂરી છે.)
- સમાજના અગ્રણીઓનું ઉદ્‌બોધન
- સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ : ૬-૧-૨૦૧૯, રવિવાર **સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

સ્થળ : શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, સરદાર બ્રીજ પાસે, ને.હા.નં. ૮, ઝાડેશ્વર, ભરૂચ

નોંધ : સ્વરૂચી ભોજન સાથે લઇશું.

----------: સંપર્ક સૂત્રો :----------

મનુભાઈ પ્રજાપતિ, જંબુસર - 96620 54493	જીતુભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94292 84130
દિવ્યાંસુભાઈ પ્રજાપતિ, ભરૂચ નગર - 99250 17231	જયેશભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94273 16041
રાકેશભાઈ પ્રજાપતિ, વાલીયા, હાંસોટ - 94271 15995	અતુલભાઈ પ્રજાપતિ, જંબુસર - 98984 11396
સતિષકુમાર ઓઝા, શક્તિનાથ - 99980 05590	મનિષભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99989 46476
ઈશ્વરભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 94274 13050	ઉમેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99747 07996
ભાવિન પ્રજાપતિ, ઝાડેશ્વર ગામ - 97277 26783	જગદિશભાઈ પ્રજાપતિ, આમોદ - 89802 25857
યોગેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -98247 83282	મુકેશભાઈ પ્રજાપતિ, જુના તવરા - 94284 61033
ધિરજભાઈ પ્રજાપતિ, ભરૂચ તાલુકો - 99740 53035	ધર્મેશભાઈ ગુર્જર, ભરૂચ નગર - 81280 95035
ઉર્વેશભાઈ ગુર્જર, જંબુસર તાલુકો - 96877 68831	દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 90999 23463
નિશાંતભાઈ પ્રજાપતિ, આમોદ તાલુકો - 76000 98903	પ્રફોશભાઈ દલવાડી, સી.ડીવી.પોલીસ સ્ટેશન -98241 24395
અરૂણભાઈ પ્રજાપતિ, અંકલેશ્વર તાલુકો - 99042 11664	પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જંબુસર - 99255 47487
પ્રકાશભાઈ પ્રજાપતિ, માંડવા વિસ્તાર - 94271 08651	રમણભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 96386 29784
જીતેશભાઈ પ્રજાપતિ, ઝઘડિયા તાલુકો - 99247 15146	



વ્યારામાં ૨૩૩૭૬ લાભાર્થીઓને રૂા.૧૮.૭૬ કરોડની સીધી સાધન સહાય

વ્યારા

રાજ્ય સરકાર છેવાડાના માનવીને પણ સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે એ માટે સતત ચિંતા કરે છે. સરકારની પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓનો સીધેસીધો લાભ લાભાર્થીઓને મળે એ માટે સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવે છે એમ રાજયના રાજયકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા તબીબી શિક્ષણ મંત્રી કિશોરભાઈ કાનાણીએ જણાવ્યું હતું.

તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલયના મેદાનમાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રી કાનાણીએ સરકાર લોકોની મુશ્કેલીઓ કોઈપણ જાતના ભેદભાવ વગર દુર થાય અને તેનો સીધો લાભ સૌને મળે એ માટે સતત પ્રયત્નશીલ છે એમ જણાવી તેમણે રાજય અને કેન્દ્ર સરકારની અનેકવિધ યોજનાઓની વિગતે છણાવટ કરી સ્વચ્છ ભારત અભિયાન જેવા જનઆરોગ્યલક્ષી કાર્યક્રમમાં સૌના સહયોગની અપેક્ષા વ્યકત કરી હતી. વધુમાં તેમણે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંગે પણ વિગતે જાણકારી આપી હતી.

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઈ પાઠકે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા રાજય અને કેન્દ્ર સરકારની અનેકવિધ યોજનાઓ અંગે ચર્ચા કરી આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટેની વનબંધુ કલ્યાણ યોજનાથી આદિવાસી સમાજના થયેલા વિકાસ અંગે વાત કરી હતી. વધુમાં ગુજરાતની વર્તમાન સરકાર સંવેદનશીલતાથી રાજયમાં વસતા તમામ સમૂદાયોનો સમતોલ અને સર્વાંગી વિકાસ થાય એ માટે કાર્યરત હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મંત્રી અને મહાનુભાવોએ વ્યારા તાલુકાના ૩૯૫૧ લાભાર્થીઓને રૂા. ૨,૧૪,૩૫,૧૮૬, વાલોડ તાલુકાના ૨૬૮૦ લાભાર્થીઓને રૂા.૧,૧૭,૬૪,૫૭૧, ડોલવણ તાલુકાના ૨૧૪૦ લાભાર્થીઓને રૂા. ૧,૨૭,૭૯,૯૩૩, સોનગઢ તાલુકાના ૪૫૨૭ લાભાર્થીઓને રૂા. ૪,૧૩,૯૫,૪૨૭, ઉચ્છલ તાલુકાના ૪૨૨૯ લાભાર્થીઓ ને રૂા.૨,૦૨,૫૫,૭૬૨, નિઝર તાલુકાના ૩૧૩૩ લાભાર્થીઓને રૂા. ૨,૦૩,૭૫,૮૧૪, કુકરમુન્ડા તાલુકાના ૧૭૧૫ લાભાર્થીઓ ને ૧,૫૦,૮૨,૫૪૯, વ્યારા નગરપાલિકાના ૫૯૧ લાભાર્થીઓને રૂા. ૨,૫૦,૯૩,૩૪૬ અને સોનગઢ તાલુકાના ૪૧૦ લાભાર્થીઓને રૂા. ૧,૯૪,૬૬,૧૩૮ મળી તાપી જિલ્લાના ૨૩૩૭૬ લાભાર્થીઓને રૂા. ૧૮,૭૬,૪૮,૭૨૭ની સહાયના ચેકો, કીટ અને એસેટનું વિતરણ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓએ તેમના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ ઉપરાંત જુદા જુદા દાતાઓ તરફથી મળેલ મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં મળેલ રૂા. ૧.૦૪ લાખના દાનનો ચેક આરોગ્ય મંત્રીને અર્પણ કરાયો હતો. આ ઉપરાંત જિલ્લા વહીવટીતંત્રના જુદા જુદા વિભાગો દ્વારા કાર્યક્રમના સ્થળે પ્રદર્શની પણ યોજવામાં આવી હતી.

મંત્રી કાનાણી અને અન્ય મહાનુભાવોએ વ્યારા ખાતે રૂા. ૬૭.૫૦ લાખના ખર્ચે નવનિર્મિત આશ્રયસ્થાન અને રૂા. ૭૫.૫૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટરનું તકતી અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું.

સ્વાગત પ્રવચન કરતા જિલ્લા કલેકટર એન.કે.ડામોરે કાર્યક્રમનો આશય સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળો એ રાજય સરકારનો મહત્વાકાંક્ષી અને છેવાડાના માનવી સુધી પહોંચતો કાર્યક્રમ છે. કાર્યક્રમ દરમિયાન શાળાની બાળાઓએ પ્રાર્થના, સ્વાગત ગીત અને સાંસકૃ?તિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઉચ્છલના ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અરવિંદભાઈ ગામીતે અને આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલે આટોપી હતી.

કાર્યક્રમમાં મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, વ્યારા નગરપાલિકાના પ્રમુખ મેહરનોશભાઈ જોખી, સોનગઢ નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન ચૌધરી, જિલ્લા પંચાયત વિરોધપક્ષના નેતા મોહનભાઈ કોંકણી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના સેનેટ મેમ્બર જયરામભાઈ ગામીત, નાયબ વન સંરક્ષક આનંદકુમાર, અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયા, પ્રયોજના વહીવટદાર વિજયભાઈ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે.નિનામા, અગ્રણી સર્વશ્રીઉદયભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ કુંવર, બિપિનભાઈ ચૌધરી, વ્યારા નગરપાલિકાના કારોબારી ચેરમેન રાકેશભાઈ કાચવાલા, જિલ્લા પંચાયત સભ્ય દિગેન્દ્રભાઈ પટેલ, જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ, લાભાર્થીઓ, નગરજનો અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મકરસંક્રાંતિ પર્વે પર્યાવરણ, પક્ષીઓ અને માણસોની સુરક્ષા માટે સમજ કેળવાઈ



કોલેજના વિદ્યાર્થીઓને કરૂણા સંસ્થા દ્વારા માર્ગદર્શન અપાયું

સુરત

સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ એનએસએસ ગ્રુપના વિદ્યાર્થીઓ સાથે કરૂણા સંસ્થા તથા જિલ્લા એનિમલ વેલ્ફેર ઓફિસર (એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા) દ્વારા આગામી મકરસંક્રાંતિને કઈ રીતે સમજણ પૂર્વક ઉજવવી તેમજ પર્યાવરણ, માણસ તથા પક્ષીઓના જીવન જોખમાય તે બાબતે કાળજીની સમજણ કરૂણા સંસ્થાના કાર્યકર શ્રી પાર્વિક સીરિયા દ્વારા આપવામાં આવેલ.

૮૦૦ જેટલા યુવાન કોલેજીયન વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ સ્વૈચ્છીક રીતે હવે ભવિષ્યમાં તેમજ આ ઉત્તરાયણમાં પતંગ ન ચગાવવા બાબતે પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ બીજા નાગરિકોને આ બાબતે સમજણ આપવા કટીબદ્ધ થયા હતા.તેમજ કોલેજના યુવાન વિદ્યાર્થીઓ આ ઉત્તરાણયનો સાચી સમજણ મેળવી પરિવાર સાથે દાન ધર્મ તેમજ જીવ રક્ષાની સંસ્થાઓ સાથે સહયોગી બની આ તહેવારને 'લાઈફ સેવિંગ ઉત્તરાયણ' બનાવશે. અંતમાં કરૂણા સંસ્થાના ટ્રસ્ટી ધરણેન્દ્ર રોધવી તથા જયેશભાઈએ કોલેજના જવાબદાર પ્રોફેસર વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરતા અચ્છે દિન આ ગયે... પક્ષીઓના સાથે કાર્યક્રમ પૂર્ણાહુતિ કરી હતી.

રાજદ્રોહ કેસમાં હાર્દિક પટેલ કોર્ટમાં હાજર : તા. ૨૫મી વધુ સુનાવણી કરાશે

સુરત

મોટા વરાછા ક્રિષ્ણા રેસિડેન્સી ખાતે પોલીસ બેફામ નિવેદનો કરવા બદલ હાર્દિક પટેલ સહિત ત્રણ આરોપીઓ ઈન્સાફી કાર્યવાહી સુરતની મુખ્ય કોર્ટમાં ચાલી રહી છે. ત્યારે આજરોજ હાર્દિક પટેલ કોર્ટમાં હાજર રહ્યો હતો. એવું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ જણાવ્યું હતું. દરમિયાન અદાલતે આજે વધુ સુનાવણી માટે તા. ૨૫મી જાન્યુઆરીની મુદત ઠરાવી હતી.આ કેસની વિગતો એવી છે કે, પાટીદાર આંદોલન દરમિયાન મોટા વરાછા ક્રિષ્ણા રેસિડેન્સી ખાતે વિપુલ દેસાઈ અને ચિરાગ દેસાઈને તયાં જઈને પાસના પૂર્વ કન્વીનર



હાર્દિક પટેલે પોલીસ વિરુદ્ધ બેફામ નિવેદનો કર્યા હતા. આ ગુનામાં ડીસીપી મકરંદ ચૌહાણે જે તે વખતે અમરોલી પોલીસ મથકમાં રાજદ્રોહનો ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ કરી રહેલા ડીસીબી પૂર્વ પીઆઈ જે.એચ. દહીયાએ તબક્કાવાર હાર્દિક પટેલ, ચિરાગ તથા વિપુલ દેસાઈની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. હાલમાં ત્રણેય આરોપીઓ જામીન મુકત છે. ડીસીબીએ ત્રણેય આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ કરી હતી. ચાર્જ ફ્રેમ કરાયા બાદ તેની સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આજ સવારે હાર્દિક પટેલ કોર્ટ સમક્ષ હાજર થયો હતો. જોકે, કોર્ટ સંકુલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હોવાનું જાણવા મળે છે.

ત્રીજા દિવસે પણ સમગ્ર ગુજરાતમાં નવસારી જિલ્લામાં સૌથી નીચું ૭ ડિગ્રી તાપમાન

વલસાડમાં ૯.૬ અને સુરતમાં લઘુત્તમ ૧૨ ડિગ્રી તાપમાન નોંધાયું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ઠંડીનો ચમકારો યથાવત રહ્યો છે રાજ્યમાં સૌથી વધુ ઠંડી નવસારી આજે પણ ૭ ડિગ્રી નોંધાઈ છે. આગામી બે-ત્રણ દિવસ સુધી ઠંડી હજી વધે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે નોંધાયેલ વિગત અનુસાર શહેરનું અધિકત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૨.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૮.૩ મીલીબાર નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં એકથી દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૭.૨ ડિગ્રી નોંધાયું છે. સમગ્ર રાજ્યમાં સતત ૩ દિવસથી સૌથી વધુ ઠંડી નવસારીમાં નોંધાઈ રહી છે. આજે વલસાડ ખાતે ન્યુનત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજની સરખામણીએ યથાવત છે. આગામી બે ત્રણ દિવસ વધુ ઠંડીથી શક્યતા છે. છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર રાજ્યમાં નવસારી જિલ્લામાં સૌથી નીચુ ૭ ડિગ્રી તાપમાન નોંધાઈ રહ્યું છે. આ સાથે જ વલસાડમાં પણ ઠંડીનું પ્રમાણ વધીને આજે લઘુત્તમ તાપમાન નોંધાવા સાથે ઠંડીના પ્રમાણમાં વધારો થવા પામ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમા વધારો થાય તેવી પણ શક્યતા વ્યકત કરવામાં આવી છે.

સલાબતપુરા અને અમરોલીમાં જુગાર રમતા ૧૪ જુગારી પકડાયા

સુરતલાબતપુરા અને અમરોલી પોલીસ જુગારધારા અન્વયે કેસો કરી ૧૪ જુગારીની ધરપકડ કરી રૂપિયા ૬૪ હજારથી વધુની મતા કબજે કરી હતી.

સલાબતપુરા પોલીસે ઉમરવાડા ગુજરાતી જૂની સ્કૂલ પાછળ ગલીમાં જુગાર રમતા રઝાકશાં રૂઆબશાં ઈબ્રાહિમખાન પઠાણ, શેખ મહેમૂદ ઈમરાનખાન, શરીફખાનની ધરપકડ કરી છ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ્લે રૂા. ૨૭,૦૮૦ની મતા કબજે કરી હતી.

અમરોલી પોલીસે તાડવાડી શિવાજી પાર્ક રામદેવ એપાર્ટમેન્ટનું રૂમ નં. ૨૧૫ પાસેની ગેલેરીમાં જુગાર રમતા સંદીપ રાજપૂત, લાલબહાદુર પટેલ, શનિ હિરાલાલ, રામુપાલ બિહારીલાલ, રમાકાંત રામચરિત, છોટેબાબુ શેખ ધીરજ મિશ્રા, રવિ ઉર્ફે સાગર સોની, ભૂપેન્દ્ર પટેલની ધરપકડ કરી સાત મોબાઈલ ફોન, રોકડા મળી કુલ્લે રૂા. ૩૬,૯૪૦ની મતા કબજે કરી હતી.

અમદાવાદની આઈ ફ્લાય ટ્રાવેલ્સ એજન્સી દ્વારા એજન્ટ સાથે ઠગાઈ

સુરત

અમદાવાદના આઈ ફ્લાય ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીએ સુરતના બુકિંગ એજન્ટ પાસેથી એર બુકિંગ રૂપિયા ૫,૦૩,૪૭ મેળવી મુસાફરોની ટિકિટ નહીં આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ ઉદયનગરમાં રહેતા મેડીકલ સ્ટોર ધરાવતા અને એર ટિકિટ બુકિંગ કરતા રજનીકાંત હરિદાસ કથીરિયાએ આરોપી હેમાંશુ ઉર્ફે રાકેશ હાથી (આઈ ફ્લાય ટ્રાવેલ્સ શિવાલીક પ્લાઝા, અમદાવાદ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી આરોપી પાસે એમ ફ્લાઈટનું બુકિંગ કરાવતા હતા. તાજેતરમાં ફરિયાદી રજનીકાંત ભાઈએ રૂા.૫,૦૩,૫૪૭ ની એર ટિકિટો બુક કરાવી હતી. આ અંગેનું પેમેન્ટ પણ ફરિયાદીએ આરોપીને કરી દીધા બાદ ટિકિટ પણ નહીં આપી રૂપિયા પરત કર્યા ન હતા. આ બનાવ અંગે ચોક પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વલસાડ ખાતે અવેરનેસ એન્ડ એજ્યુકેશન પોઝીટીવીટી કાર્યક્રમ યોજાયો



વલસાડ

વલસાડની સફલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નહેરુ યુવા કેન્દ્ર સંચાલિત અવેરનેસ એન્ડ એજ્યુકેશન પોઝીટીવીટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શ્રમજીવી કલ્યાણ બોર્ડના ટી.જી.ઠાકોર, ઓરેકલ કંપનીના એચ.આર. મેનેજર બૈજનાથજી અને જીવેશભાઈ પટેલે કાર્યક્રમનો ઉદેશ સમજાવી હકારાત્મક વિચારો જીવનમાં કેવી રીતે ઉપયોગી થાય છે, શિક્ષણનું મહત્વ શું છે, તે અંગે વિષયવાર વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત રોજિંદાકાર્યો, ભણાતરની જરૂરિયાતો, વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ વગેરે કઈ પ્રવૃત્તિઓથી વધે તે બાબતે વિષદ ચર્ચાઓ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન યોજાયેલા પ્રશ્નોત્તરીમાં લાભાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. સફલ ચેરીટેબલ ટ્રસ્ટના ફરહા શેખે આભારવિધિ આટોપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પારૂલબેન, સુમૈયાબેન અને સરસ્વતીબેનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

જાન્યુઆરી-૨૦૧૯ના ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે તા.૧૦મી સુધીમાં અરજીઓ મોકલી આપવી

તા.૨૩ મીએ તાલુકા અને તા.૨૪ મીએ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

વલસાડ

રાજ્યમાં નાગરિકોના ગ્રામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરિયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો અને રજૂઆત અંગેની અરજીઓ *''મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી''* તેવા મથાળા હેઠળ તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૯ સુધીમાં સંબંધિત ગામના તલાટી કમ મંત્રીને સંબોધીને મોકલી આપવાની રહેશે. આ અરજીઓ પૈકી તાલુકા કક્ષાએથી નિકાલ કરવાની થતી હોય તે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અને જે અરજીઓ જિલ્લા કક્ષાએથી નિકાલ કરવાની થતી હશે તે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નિકાલ કરવામાં આવશે. તાલુકા સ્વાગત કાર્યક્રમ તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સંબંધિત તાલુકા મામલતદાર કચેરી ખાતે, જ્યારે જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા. ૨૪ મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કલેક્ટર કચેરી, વલસાડના સભાખંડ ખાતે યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે સંબંધિત અરજદારને અગાઉથી જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા કે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે. આ કાર્યક્રમમાં કોર્ટ કેસ, સબ જ્યુડીશીયલ બાબતો, માહિતી અધિકાર હેઠળની અરજીઓ, સેવાકીય બાબતો, કોઈ ખાતાની નિમણુંકની બાબતો, અરજદારની સહી વગરની અરજીઓનો સમાવેશ કરવામાં આવશે નહીં. સ્વાગત કાર્યક્રમમાં અરજદાર દ્વારા બે થી વધુ પ્રશ્નો રજૂ કરી શકશે નહીં, તેમ નિવાસી અધિક કલેકટર, વલસાડ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

પ્રખર સમાજ સુધારક સાવિત્રીબાઈ ફુલેની જયંતીની ઉજવણી

સુરત

સુરત મહાનગરપાલિકા નવયુવાન કર્મચારી સેવા સંઘના નેતૃત્વ હેઠળ યુનિયનના કાર્યાલય ખાતે રાષ્ટ્રમાતા સાવિત્રીબાઈ ફુલેના ૧૮૮મી જન્મ જયંતી પ્રસંગે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષતા પદે ભીમવાણી ગ્રુપના અરવિંદભાઈ ભોજ, નવયુવાન કર્મચારી સેવા સંઘના પ્રમુખ નરેશ પડાયા, ડાહ્યાભાઈ ગોહિલ, હસમુખ પડાયા, મનુભાઈ જોગડીયા, વિઠ્ઠલભાઈ દુતોન્દે, મેઘ મહાર ભવનના કમલેશભાઈ સાંડિશ, આજાદ દલિત ન્યાય મંચના મહામંત્રી નરેશભાઈ પરમાર તથા ઈબ્રાહિમભાઈ ટોપીવાલા હાજર રહ્યા હતા.

નવસારી જિલ્લાના સુરખાઈ ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો

૩૧,૭૨૮ લાભાર્થીઓને અંદાજીત રૂપિયા ૫૭૫૯ લાખની સાધન સહાય

નવસારી

રાજ્યમાં વસતો પ્રત્યેક ગરીબ પરિવાર ગરીબીમાંથી બહાર આવી આર્થિક રીતે સક્ષમ બની સ્વમાનભેર જીવન જીવે તેવા લોકકલ્યાણના ઉદેશ સાથે સમગ્ર રાજ્યમાં આરંભાયેલ ગરીબ કલ્યાણ મેળાની સાથે આજે નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સુરખાઈ ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સામાજીક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર અને ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમના ઉપાધ્યક્ષશ્રી અમરશીભાઈ ખાંભલીયાની ઉપસ્થિતિમાં આજે યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતુ કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયમાં વસતા ગરીબ પરિવારોને ગરીબીમાંથી બહાર લાવવા શરૂ કરેલા ગરીબ કલ્યાણ મેળા રૂપી અભિયાનના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડીને સરકારે સાચા અર્થમાં સમગ્ર ગુજરાતમાં દરિદ્રનારાયણની સેવાનો યજ્ઞ આરંભ્યો છે, જેમાં પ્રત્યેક સમાજના લોકોએ સહભાગી બની દરિદ્રનારાયણની સેવાના યજ્ઞ કાર્યની જ્યોતને વધુ પ્રજવલીત બનાવવી પડશે.વર્તમાન સરકારના હૈયે વંચિતો – ગરીબોનું હિત સમાયેલું છે, તેથી જ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમ દ્વારા છેવાડાના વિસ્તારમાં વસતા વંચિતોને વિવિધ યોજનાઓની સહાય હાથો હાથ પહોંચાડી છે, તેમ જણાવી મંત્રીશ્રી પરમારે ઉપસ્થિત લાભાર્થીઓને તેમને મળેલ સાધન – સહાયની સાથે તેમનો પુરૂષાર્થ જોડીને આર્થિક રીતે સ્વાવલંબી બનવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમના ઉપાધ્યક્ષશ્રી અમરશીભાઈ ખાંભલીયાએ રાજયના ગરીબ પરિવારો સ્વાભિમાન પૂર્વક જીવન જીવે તેવી સરકારને નેમ રહી છે, તેમ જણાવ્યું હતુ. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આરંભેલા સર્વાંગી વિકાસના કાર્યોને વર્તમાન સરકારે જન ભાગીદારી સાથે છેવાડાના વિસ્તાર સુધી પહોંચાડ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, જિલ્લાકક્ષાના આ ગરીબ કલ્યાણ મેળામાં ૩૧,૭૨૮ લાભાર્થીઓને અંદાજિત રૂપિયા ૫૭૫૯ લાખની સાધન – સહાયના ચેક આપવામાં આવ્યા હતા. જેના પ્રતિક રૂપે આજે સુરખાઈ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા દરમિયાન મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે ૧૦,૦૬૦ લાભાર્થીઓને રૂપિયા ૧૭૮.૪૩ લાખની સાધન – સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.કાર્યક્રમના પ્રારંભમાં નવસારી જિલ્લા કલેકટર ડો.એમ.ડી.મોડીયાએ ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતુ, તથા અંતમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલે આભાર દર્શન કર્યું હતુ.

આ પ્રસંગે વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ તેમના પ્રતિભાવ આપ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ડો.અમીતાબેન પટેલ, નવસારી ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ, ગણદેવી ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા. આ અવસરે નિવાસી અધિક કલેકટરશ્રી રાઠોડ સહિતના અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ તેમજ જિલ્લા/તાલુકા પંચાયત અને નગરપાલિકાના સદસ્યો તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પાંડેસરામાં મ્યુનિ. શોપિંગ સેન્ટરમાં માર્જીનમાં બનેલી દુકાનોનું ડીમોલીશન

મનાઈ હુકમ માટે કોર્ટમાં કરેલો દાવો નકારી દેવાયો

સુરત

સાઉથ ઝોન ઉધનાના એડી. સીટી ઈજનેર (સી) તથા ઝોનલ ચીફ તથા કાર્યપાલક ઈજનેર (ઉ.)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ પાંડેસરા, સી.ઓ.પી. ૧૭, દુકાન નં.૧, ૨, રાધેજી વિઝન, મ્યુ. શોપિંગ સેન્ટર, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાંડેસરા સુરત ખાતે આવેલ મ્યુનિસિપલ શોપિંગ સેન્ટરમાં આવેલ દુકાન નં.૧,૨,ના માલિક દ્વારા માર્જીનની જગ્યા કવર્ડ કરી વધારાનું બાંધકામ કરી દુકાન કરી દેતા દુકાનધારકોને નોટીસ પાઠવી વધારાનું બાંધકામ દૂર કરવા જણાવતા દુકાનદાર દ્વારા એડી. સીની સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં.૪૦૧/૨૦૧૬ થી સુરત મહાનગરપાલિકા વિરૂદ્ધ દાવો દાખલ કરવામાં આવેલ જે દાવો નામ કોર્ટ દ્વારા ડીસમીસ કરવામાં આવેલ હતો. ત્યારબાદ ફરીથી મિલ્કતદાર દ્વારા મે.સુરતના પ્રિન્સીપલ સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં સુરત મહાનગરપાલિકા વિરૂદ્ધ દાવો દાખલ કરવામાં આવેલ જે અન્વયે સદર દાવામાં કોર્ટ દ્વારા મનાઈ હુકમ આપવામાં આવેલ ન હોય તા.૨-૧-૨૦૧૯ થી સદર મિલકતમાં કરવામાં આવેલ વધારાનું બાંધકામ દૂર કરવા જતા મિલ્કતદારો તથા તેઓના હિત ધરાવનારાઓ દ્વારા ડીમોલીશનની કામગીરીનો વિરોધ કરવામાં આવતા સ્થળ પર પોલીસ બોલાવી પોલીસની હાજરીમાં માર્જીનમાં કરેલ આશરે ૪૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ વધારાનું આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ તોડી પડાયું હતું.

વરાછા ભરતનગરમાં હિરાની ઓફિસમાં ચોરી

સુરત

વરાછા ભરતનગર સોસાયટીમા આવેલી હિરાની ઓફિસમાંથી અજાણ્યાતસ્કરો રૂા. ૯૦ હજારની કિંમતની કાચા હિરાની ચોરી કરી ગયા હતા. વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ફરિયાદી ઘનશ્યામભાઈ દેવચંદભાઈ રંગાણીની ભરતનગર ખાતે હિરાની ઓફિસ આવેલી છે. ગત તા. ૯/૧૨/૨૦૧૮ના રોજ અજાણ્યા તસ્કરોએ ગ્રિલ-દરવાજો તોડી ઓફિસના ટેબલના ખાનામાંથી રૂપિયા નેવું હજારની કિંમતના હિરાની ચોરી કરી ગયા હતા. આ બનાવ સંદર્ભે વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં

ઉમરગામના નવનિર્માણ કેળવણી મંડળનો ૩૭મો વાર્ષિકોત્સવ યોજાયો

વલસાડ



વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના નવનિર્માણ કેળવણી મંડળ-ઉમરગામનો ૩૭મો વાર્ષિકોત્સવ એમ.કે.મહેતા કેમ્પસ ખાતે વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ અવસરે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે એમ.કે.મહેતા સંકુલની શૈક્ષણિક કાર્યશૈલીને બિરદાવી ઉમરગામ વિસ્તાર માટે ગૌરવરૂપ હોવાનું જણાવ્યું હતું. કેળવણી મંડળનો મુખ્ય ઉદેશ શિક્ષણ છે અને એમ.કે.મહેતા સંકુલ શૈક્ષણિક હબ બન્યું છે, બાળકો સારું ભણે અને આગળ વધી શાળા-કોલેજનું નામ રોશન કરે તેમજ સંસ્થાની સારી પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. બાળકોને શિક્ષણ આપવા મેનેજમેન્ટની સાથે વાલીઓનો પણ ફાળો મહત્ત્વનો છે, ત્યારે બાળક સારું ભણે તે માટે વાલીઓ પૂરતી કાળજી રાખે તે જરૂરી છે. વાર્ષિકોત્સવના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કેવું શિક્ષણ મળ્યું છે અને તેઓએ વર્ષ દરમિયાન કેવું પ્રદર્શન કર્યું છે તે તેમના માતા-પિતા જાણી શકે છે.

મંત્રીશ્રી વધુમાં જણાવ્યું હતુંકે, આજે શિક્ષણનુ સ્તર વધી રહયું છે અને ડ્રોપ આઉટ રેશિયો ખુબ જ ઘટી ગયો છે. બાળકોને રોજગારીની તક મળે તે પ્રકારનું શિક્ષણ મળે તે માટે રાજય સરકારના અવિરત પ્રયાસો રહયા છે. આજે જેમને ઈનામ મળ્યું નથી તેમણે નિરાશ ન થતાં વધુ મહેનત કરી આગળ વધવાના પ્રયાસો કરી ભવિષ્યમાં પ્રગતિ સાધવા અનુરોધ કર્યો હતો.

નવનિર્માણ કેળવણી મંડળના પ્રમુખ સંજયકુમાર મહેતાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી મંડળની પ્રગતિની રૂપરેખા આપી હતી. વાર્ષિક સમારંભ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્ત્વનો દિવસ છે, ત્યારે અહીંના બાળકો વિશેષ પ્રદર્શન કરી જીવનમાં હંમેશા આગળ વધે તેવી શુભકામના પાઠવી હતી. શાળા મેનેજમેન્ટ અને શિક્ષકો બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે.

આ અવસરે વિવિધ ક્ષેત્રે અગ્રેસર તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે મેડલ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પી.એચડી. થયેલા બી.એડ.કોલેજના આચાર્ય રીતેશ પટેલ અને શિક્ષિકા શીતલ પટેલ તેમજ દીર્ઘકાલીન સેવા આપનાર રણજીતભાઈ દલાલનું મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરાયા હતા. શાળાના બાળકોએ રજૂ કરેલા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમને ઉપસ્થિત સૌએ મનભરીને માણ્યો હતો.

આ અવસરે મંડળના સેક્રેટરી સુકેતુ મહેતા અને ગુલાબભાઈ પટેલ, અંગ્રેજી માધ્યમના આચાર્ય જેકબ વી. જહોન, બી.એસ.સી./બી.કોમ. વિભાગના આચાર્યા પ્રિતી પટેલ, ગુજરાત મીડીયમના આચાર્ય ખંડુભાઈ સોલંકી, અગ્રણી જવાહરભાઈ પુરોહિત, તેજાભાઈ, શાળા પરિવાર, બાળકોના માતા-પિતા, વાલીઓ, શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. આભારવિધિ બી.એડ કોલેજના આચાર્ય ડો.રીતેશભાઈ પટેલે કરી હતી.

વલસાડ સિવિલમાં 'સખી' વન સ્ટોપ સેન્ટર શરૂ કરાશે

વલસાડ

વલસાડની જીએમઈ આરએસ જનરલ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 'સખી' વન સ્ટોપ સેન્ટર શરૂ કરવામાં આવશે. મહિલાઓની તમામ સમસ્યાઓના સમાધાન માટે ૨૪ કલાક કાર્યરત રહેનાર આ સેન્ટરનું ઉદ્ઘાટન તા.૭/૧/૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણના હસ્તે કરવામાં આવશે. આ અવસરે જિલ્લા પોલીસ અધિક્ષક સુનિલ જોષી, તબીબી અધિક્ષક ડા.આર.એમ.જીતીયા, જી.એમ.ઈ.આર.એસ. કોલેજના ડીન જી.આર.પટેલ ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં ઉપસ્થિત રહેવા નવજાગૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-નવસારીના મેનેજિંગ ટ્રસ્ટી અને દહેજ પ્રતિબંધક અધિકારી વલસાડ દ્વારા અનુરોધ કરાયો છે.











મહર્ષિ સફાલદેવ વિહંગમ યોગ સંસ્થા અને અખિલ ભારતીય વિહંગમ યોગ સંત ઉપક્રમે સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત સુરત તા. ૬ જાન્યુઆરીના રોજ સી.બી. પટેલ સ્પોર્ટ કોમ્પલેક્ષ પાસે મણીબા પાર્ટીપ્લોટ સામે વી.આઈ.પી રોડ વેસુ ખાતે ૫૧૦૦ કુંડીય મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છ. દ્રશ્યમાન મહાયજ્ઞ સ્થળ પર૨ ૫૧૦૦ કુંડીય સાકાર કરવામાં આવી હોવાનું નજરે પડે છે.

તા.૭મી જાન્યુઆરીએ વલસાડ-ડાંગ જિલ્લામાં શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાયની પ્રપોઝલમાં રહેલી ક્ષતિઓનું માર્ગદર્શન અપાશે

વલસાડ

સામાજિક ન્યાય અને અધિકારી વિભાગ, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ ઉપર પ્રાથમિક/ માધ્યમિક શાળા દ્વારા એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. અને સમાજ સુરક્ષાના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાયની પ્રપોઝલમાં રહેલી ક્ષતિઓનું નિવારણ થાય તે હેતુસર આચાર્યો અને શિક્ષકો સાથે તા. ૭/૧/૨૦૧૯ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૨-૦૦ દરમિયાન બાયસેગ દ્વારા વંદે ગુજરાત ચેનલ-૧ ઉપર સીધો સંવાદ રાખવામાં આવ્યો છે. જેમાં આચાર્યોને ખાસ માર્ગદર્શન આપવાનું હોવાથી વલસાડ અને ડાંગ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાના આચાર્યોએ ઉક્તદિવસ અને સમય પ્રમાણે શાળામાં અચૂક હાજર રહી માર્ગદર્શન મેળવી લેવા વલસાડ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા જણાવાયું છે.

વલસાડ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૪૬૪૧૧ બાળકોની તપાસ કરાઈ



વલસાડ

વલસાડ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા.૨૫/૧૨/૧૮થી તા.૩૧/૧૨/૧૮ દરમિયાન ૩૯૨ શૈક્ષણિક સંસ્થાઓમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓની કુલ ૭૦૮ ટીમો દ્વારા ૪૬૪૧૧ બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૩૫૯૫ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી છે અને ૧૮૪ બાળકોને સંદર્ભ સેવા માટે રીફર કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત ૧૩૭ પાણીના સ્ત્રોતની સફાઇ અને કલોરીનેશનની કામગીરી, ૩૫ ગ્રામ પંચાયત, આંગણવાડી, શાળા, હાઈસ્કૂલ અને અન્ય મળી કુલ ૩૦૮,ઔષધિય વૃક્ષારોપણ ૧૩૨, બાળ તંદુરસ્તી હરિફાઇ ૬૪, તંદુરસ્ત સગર્ભા હરિફાઇ ૫૮, પૌષ્ટિક વાનગી હરિફાઇ ૩૯ , વાલી મીટિંગ ૭૬, દાદા-દાદી મીટીંગ ૬૬, બાળગીતો ૫૧, અને ૫૪ આરોગ્ય ગ્રામસભા જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, વલસાડ દ્વારા જણાવાયું છે.

સુરત તાપી નદી તટે તા.૧૩'એ ૧૦૦૮ કુંડીય સૂર્યયાગ પૂર્વે ધજારોહણ કરાયું

યજ્ઞકાર્ય પ્રારંભ માટેનું ધજારોહણ ધર્માચાર્ય પરભુદાદાના હસ્તે કરાયું

વલસાડ

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં આવેલું પ્રગટ પ્રગટેશ્વર ધામ કે જે ભક્તિધામના નામે ઓળખાય છે, તેના ધર્માચાર્ય પરભુદાદા તેમજ ગુરુમાતા રમાબાના સાંનિધ્યમાં તા.૧૩મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ મોટા વરાછા, અમ્રામા, સૂરતના પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ ખાતે ૧૦૦૮ કુંડી સૂર્યયાગ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞકાર્ય પ્રારંભ માટેનું ધજારોહણ આજે તા.૩જી જાન્યુઆરીના રોજ ધર્માચાર્ય પરભુદાદાના સાંનિધ્યમાં યજ્ઞ સ્થળે કરવામાં આવ્યું હતું.

આ બાબતે જાણકારી આપતાં પ્રમુખ બિપીનભાઇ પરમાર-નવસારી, મંત્રી ગોપાળભાઇ પટેલ, આચાર્ય કશ્યપભાઇ જાની અને અનિલભાઇ જોખીએ જણાવ્યું છે કે, જ્યોતિષવિદ્યા અનુસાર ભગવાન સૂર્ય શક્તિ, સત્તા, સ્થિતિ, જીવનશક્તિ અને પિતા સાથેના સંબંધનું પ્રતીક છે. સૂર્યને દિનકર, માસ્કર અને ગ્રહોનો રાજા કહેવામાં આવે છે. રાજસૂર્ય યજ્ઞ વૈદિક ધર્મની પરંપરા છે. યજ્ઞ ભગવાન શિવને સમર્પિત છે.

આવા યજ્ઞો પ્રાચીન સમયમાં ભગવાન શ્રીરામ, રાજા હરિશ્ચંદ્ર, શ્રી ધર્મરાજ તેમજ ઋષિમુનિઓ, રાજગુરુઓ દ્વારા થતા હતા. ભગવાન સૂર્ય આત્માનું પ્રતિનિધિત્વ કરે છે અને તમામ પ્રસંગોના સાક્ષી તરીકે પણ માનવામાં આવે છે. જેના વિવિધ ફાયદાઓ સફળતા, નામ, ખ્યાતિ, વ્યક્તિત્વ મેળવવાની સાથે સારું આરોગ્ય પણ પ્રાપ્ત થાય છે. સૂર્ય સવારે બ્રહ્મા, બપોરે રૌદ્ર અને સાંજે વિષ્ણુનું સ્વરૂપે હોય છે. સૂર્યના દોષોનો ઉપચાર કરવામાં કારગત નીવડે તે હેતુથી એક પિતા સબ પરિવારના સૂત્રને સાર્થક કરનાર અને માનવ હૃદયમાં ભગવાન પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસની જ્યોત અખંડ રહે તે માટે લોકકલ્યાણના હેતુથી પ્રગટ પ્રગટેશ્વરધામ આછવણીના ધર્માચાર્ય પરભુદાદા તથા રમાબાના સાંનિધ્યમાં વિવિધ દેવી દેવતાઓને માનતા યજ્ઞો કરવામાં આવે છે.

યજ્ઞના પ્રારંભ પહેલાં તા.૧૨મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ બપોરે ૩-૦૦ કલાકે શોભાયાત્રાનું આયોજન પણ કરાયું છે. તા.૧૩મી જાન્યુઆરીએ મળસ્કે ૩-૦૦ વાગે દેહશુદ્ધિના કાર્યક્રમ બાદ ૪-૦૦ વાગે ધર્માચાર્ય પરભુદાદાના હસ્તે દીપપ્રાગટ્ય કરી યજ્ઞનો શુભારંભ કરવામાં આવશે. આ યજ્ઞની પૂર્ણાહુતિ સવારે ૧૧-૦૦ કર્યા બાદ ૧૧-૩૦ વાગે મહાપ્રસાદનું આયોજન પણ કરાયું છે. આ યજ્ઞમાં ઉપસ્થિત રહી ભગવાન સૂર્યના આશીર્વાદ મેળવવા પ્રગટ પ્રગટેશ્વર સેવા સમિતિ, આછવણી તેમજ સમગ્ર શિવપરિવાર દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વલસાડ જિલ્લામાં હથિયારબંધી

વલસાડ

વલસાડ જિલ્લામાં આગામી સમયમાં આવતા વિવિધ તહેવારો તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતી જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કમલેશ બોર્ડરએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૧૭/૦૧/૨૦૧૯ સુધી હથિયારબંધીના હુકમ જારી કર્યો છે. જે અનુસાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી કે શારીરિક હિંસા પહોંચાડતી બીજી ચીજો લઇ જવા, સ્ફોટક પદાર્થ લઇ જવા અને અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવા અને જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની કે તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજો કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. આ પ્રતિબંધ સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય, જિલ્લા પોલીસ અધિક્ષકે અથવા તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોઇ તેવી વ્યકિતઓને તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓને લાગુ પડશે નહીં. આ હથિયારબંધીના હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

બારડોલી તેમજ કામરેજમાં બે સ્થળે ૫.૪ લાખની મતાની ચોરી

તસ્કરોએ બે સ્થળોનએ હાથફેરો કર્યો

સુરત

કામરેજ અને બારડોલી વિસ્તારમાં ઘરફોડ ચોરીના બનેલા બનાવમાં રૂપિયા ૫.૦૪ લાખની મતા ચોરાઈ હતી. ઉકત બન્ને ચોરીના જુદા-જુદા બનાવો અંગે સંબંધિત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. કામરેજ ઉમા મંગલ રોડ, સ્વસ્તિક સોસાયટીના બંગલા નં. બી-૩૪માંથી તસ્કરો રોકડા રૂા. ૫૨ હજાર, સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે રૂા. ૨,૭૬,૧૫૦ની મતા ચોરી ગયા હતા. ઘરમાલિક હર્ષાબેન પ્રફુલ્લભાઈ પારેખે કામરેજ પોલીસ મથકે ફીરયાદ નોંધાવી હતી. બારડોલી લીમડા ચોક આસોપાલવ સિલ્ક પેલેસ નામની દુકાનમાંથી બે અજાણ્યા ચોરે રોકડા રૂા. ૨,૨૮,૭૪૦ની ચોરી કરી હતી. દુકાન માલિક સુશીલભાઈ ત્રબંકભાઈ આહિરે બારડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક તા.૧૯મીએ મળશે

વલસાડ

વલસાડ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની માહે જાન્યુઆરી-૨૦૧૯ માસની માસિક સમીક્ષા બેઠક, તા.૧૯/૦૧/૨૦૧૯ના રોજ નવી કલેક્ટર કચેરી, વલસાડના સભાખંડમાં મળશે. બપોરે ૧૧-૦૦ કલાકે ભાગ-૧ અને ૧૨-૦૦ કલાકે ભાગ-૨ની મળનાર આ બેઠકમાં જિલ્લા કચેરીઓના વડા અધિકારીઓને સ્વયં, પૂરતી વિગતો સાથે ઉપસ્થિત રહેવા અને બેઠકની માહિતી નિયત નમૂનામાં તાત્કાલિક રૂબરૂમાં મોકલી આપવા નિવાસી અધિક કલેક્ટર, વલસાડ દ્વારા જણાવાયું છે.













વડોદરામાં સાતમીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

૧૫ દેશો અને દેશના આઠ રાજ્યોના ૭૯ જેટલા ચુનંદા પતંગબાજો ભાગ લેશે

વડોદરા : આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, વડોદરા શહેરના ઈવેન્ટ કેલેન્ડરની એક વાર્ષિક પરંપરા બની ગયો છે અને ઉત્તરાયણની છડી પોકારે છે. આ વર્ષે પણ ગુજરાત પ્રવાસન નિગમ ધ્વારા વડોદરા મહાનગરપાલિકા તથા જિલ્લા પ્રશાસનના સહયોગથી સોમવાર તા.૭મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. આ પતંગોત્સવ વડોદરા સેન્ટ્રલ જેલના મુખ્ય પ્રવેશધ્વાર નજીક આવેલા નવલખી એક્સટેન્સન મેદાન ખાતે રાખવામાં આવ્યો છે જેનો શુભારંભ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સવારે ૧૦:૦૦ વાગે કરાવશે.

ટીસીજીએલના પ્રવાસન અધિકારી એન્ટોનીના જણાવ્યા પ્રમાણે વડોદરાના પતંગોત્સવમાં આર્જેન્ટીના (૪), ઓસ્ટ્રેલિયા (૬), બેલારૂસ (૪), બેલ્જીયમ (૩), બ્રાઝીલ (૩), બલ્ગેરીયા (૩), કમ્બોડીયા (૪), કેનેડા (૨), ચીલી (૧), ચીન (૪), કોલંબીયા (૪), ક્રોએશીયા (૩), ક્યુરાકાઓ (૧), ઈસ્ટોનીયા (૨), ફીનલેન્ડ (૨) મળીને કુલ ૧૫ દેશોના ૪૭ ચુનીંદા પતંગબાજો ભાગ લેવાની શક્યતા છે. જેના પરિણામે આંતરરાષ્ટ્રીય પતંગ કલા અને પરંપરાનો સાક્ષાત્કાર શહેરના પતંગ રસીયાઓ કરી શકશે.

દેશના વિવિધ રાજ્યોમાં પણ પતંગો અને પતંગબાજીની અવનવી પ્રથાઓ પ્રચલીત છે. આ પતંગ પર્વમાં આંધ્રપ્રદેશ (૪), બિહાર (૩), કર્ણાટક (૪), મહારાષ્ટ્ર (૮), દિલ્હી (૧), પશ્ચિમ બંગાળ(૪), કેરલ (૨), રાજસ્થાન (૪) મળીને દેશના કુલ ૦૮ રાજ્યોના ૩૨ પતંગબાજો, જુદાંજુદાં રાજ્યોમાં પ્રચલીત પતંગ સંસ્કૃતિની ઝાંખી કરાવશે. તેની સાથે વડોદરા સહિત રાજયના વિવિધ શહેરોના કાબેલ પતંગબાજો પણ જોડાશે. નાગરિકો આ પતંગ પર્વને માણે અને પતંગબાજોને પ્રોત્સાહિત કરે એવો અનુરોધ કરવામાં આવ્યો છે. આ પતંગ મહોત્સવમાં મેયર, સાંસદ, ધારાસભ્યો, પાલિકા પદાધિકારીઓ, નગર સેવકો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શુભારંભ કરાવશે

ઉત્તરાયણ નિમિત્તે ટુ વ્હીલરના વાહન ચાલકોએ ખાસ ધ્યાન રાખવું

નડિયાદ –ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, નડિયાદ શાખા દ્વારા નડિયાદના દ્વિ ચક્રી વાહન ચલાવતા શહેરીજનો માટે ઉત્તરાયણ નિમિત્તે ગળામાં પતંગના દોરાના કારણે વાહન ચાલકોને શારિરીક ક્ષતિ ના થાય અને તે જીવલેણ અકસ્માતથી બચી શકે તે માટે વિના મૂલ્યે જીવન રક્ષક સળિયાને ટુ વ્હિલર ઉપર નિશુ:લ્ક ધોરણે ફિટ કરી આપવામાં આવે છે. જેનો નડિયાદના નાગરિકોને લાભ લેવા વિનંતી છે. જીવન રક્ષક સળિયાનું ફિટીગ નિયત સમય મર્યાદામાં અને નિયત સંખ્યામાં કરવામાં આવનાર હોઇ વહેલા તે પહેલાના ધોરણે લાભ મળશે, તેમ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા જણાવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ આ પ્રકારની સેવા આ સંસ્થા દ્વારા આપવામાં આવી હતી.

ગરીબ કલ્યાણ મેળાની બ્યુટી પાર્લર કિટમાં ઓવન નહીં પણ સાધનોને જંતુમુક્ત રાખવા માટે સ્ટેરીલાઈઝેશન યુનિટ આપવામાં આવ્યું છે...સ્પષ્ટતા

વડોદરા : ગરીબ કલ્યાણ મેળામાં બ્યુટી પાર્લરનો વ્યવસાય કરવા માંગતી બહેનોને ઓવન આપવામાં આવ્યું એવી એક ગેર સમજ ફેલાઈ છે. આ અંગે એક સ્પષ્ટતામાં જણાવાયું છે કે એ ઉપકરણ ઓવન નથી પણ બ્યુટી પાર્લરના સાધનોને જંતુમુક્ત કરવા માટે જરૂરી સ્ટેરીલાઈઝેશન યુનિટ છે જે આધુનિક માપદંડો પ્રમાણે આ વ્યવસાય માટે જરૂરી છે. રાજ્ય સરકારે બ્યુટી પાર્લર કિટમાં ૨ ખૂબ અગત્યના ઉપકરણોનો સમાવેશ કર્યો છે જેમાં ૧ બ્યુટી પાર્લર ચેર અને ૨ સ્ટેરીલાઈઝેશન યુનિટનો સમાવેશ થાય છે. આ અપગ્રેડ કીટ છે અને એ ઉપકરણ ઓવન નથી પરંતુ વપરાતા સાધનોને જંતુમુક્ત કરવા માટેનું જરૂરી ઉપકરણ છે.

આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત વડોદરા દ્વારા ઈ-આયુષ કેલેન્ડર-૨૦૧૯નું વિમોચન

વડોદરા : આયુર્વેદ શાખા, જીલ્લા પંચાયત વડોદરા દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિર્દેશનમાં, નિયામક આયુષ કચેરીની પ્રેરણા દ્વારા તથા જીલ્લા વિકાસ અધિકારી કે.બી.ઝવેરીના માર્ગદર્શનમાં જીલ્લા આયુર્વેદ અધિકારી ડો.સુધીર જોશી તથા તેમની ટીમ દ્વારા સતત ત્રીજા વર્ષે ઈ-આયુષ કેલેન્ડર-૨૦૧૯ તૈયાર કરવામાં આવ્યુ છે. તેનુ વિમોચન ડો.પ્રકાશ ઉપાધ્યાય-નાયબ નિયામક (આયુર્વેદ) તથા કે.બી. ઝવેરી જીલ્લા વિકાસ અધિકારી –વડોદરાએ ગુરૂવારે સમગ્ર આયુષ ટીમ, વડોદરાની ઉપસ્થિતિમાં કર્યુ હતું. આ કેલેન્ડરમાં આયુર્વેદના સિદ્ધાંતો, પોષણની રસપ્રદ માહિતી, ઘરગથ્થુ ઔષધોની માહિતી, આસપાસની મુખ્ય ઔષધિઓની માહિતી, દીનચર્યા, ઋતુચર્યા વિવિધ રોગોની માહિતી, વિશિષ્ટ દિવસોની માહિતી, સુવર્ણપ્રાશનના દિવસોની માહિતી સહિત દરેક ઋતુમાં શું કરવું – શું ન કરવું સહિતની વિસ્તૃત વિગતો અને આયુર્વેદના પોષણના સિદ્ધાતોને ધ્યાને લઈને પોષણની ABCD નો ચાર્ટ પણ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. આ આયુષ કેલેન્ડરના સંપાદનમાં ડો.સુધિર જોશીએ સંપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડ્યું છે. તેમજ મુખ્ય ભુમિકા ડો.આસુતોષ પંડ્યા(મેડીકલ ઓફીસર, સરકારી આયુર્વેદ દવાખાનું, વસવેલ, વાઘોડીયા)એ ભજવી છે અને સુંદર સચિત્ર આકર્ષક કેલેન્ડર બનાવ્યુ છે.

ઈ-આયુષ કેલેન્ડર-૨૦૧૯ જીલ્લા પંચાયતની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તેમજ DAO Vadodara ફેસબુક પેઈજ પર પણ છે. તેમજ વોટ્સઅપ ગ્રુપ દ્વારા બહોળો પ્રચાર કરી વધુને વધુ લોકો તેમનો લાભ લે તેવા પ્રયત્નો આયુર્વેદ શાખા, જીલ્લા પંચાયત વડોદરા દ્વારા કરવામાં આવ્યા છે.આ પ્રકારનું ઈ-કેલેન્ડર ૨૦૧૯ છોટાઉદેપુર જીલ્લાનું પણ અલગથી બનાવ્યુ છે. જેનું વિમોચન પણ ટુંક સમયમાં કરવામાં આવશે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 'સ્વચ્છ સુંદર શૌચાલય હરિફાઈ' યોજાશે

વડોદરા : સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ સુધી 'સ્વચ્છ સુંદર શૌચાલય' હરિફાઈનું આયોજન કરવામાં આવનાર છે. વ્યક્તિગત ઘરોમાં સૌથી સર્જનાત્મક રીતે શણગારવામાં આવેલ શૌચાલયોને રાષ્ટ્રીય સ્તરના સમારંભમાં વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પુરસ્કાર માટેની પસંદગી પ્રક્રિયા રાજ્યસ્તરેથી થશે. ઝૂંબેશના સમયગાળા દરમિયાન શણગારવામાં આવેલ શૌચાલયોની સંખ્યા/ટકાવારીના આધારે પસંદ કરવામાં આવશે, જેમાં ત્રણ જિલ્લાને પુરસ્કાર એનાયત કરવામાં આવશે. જિલ્લા દીઠ-૫ સર્વશ્રેષ્ઠ રચનાત્મક પેઈન્ટ કરેલા શૌચાલયોના ચિત્રો, ભારત સરકારના પેયજળ તેમજ સ્વચ્છતા મંત્રાલયને મોકલવામાં આવશે. તાલુકા દીઠ સર્વશ્રેષ્ઠ પેઈન્ટ કરેલા શૌચાલયોની પસંદગી માટે જિલ્લાકક્ષાએ નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષપદે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક રહેશે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઈલેકટ્રીક તથા દરેક પ્રકારનું ઈન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૯, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, ભુંટેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : २३६८६११,२३४४९११ ● E-mail : info@mugatlalbsons.com

એક તરફ પહેલેથી જ રાજપીપળામાં બસો ઓછી છે ત્યારે..

રાજપીપળામાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળા માટે બસો ફાળવાતા એસટી ડેપોના ૨૫ રૂટો બંધ થતા મુસાફરો અટવાયા



રાજપીપળા ડેપોના કુલ ૫૭ રૂટો પૈકી ૨૫ લોકલ રૂટની બસો બંધ કરાતા હજારો મુસાફરો અટાયા જેમાં ખાનગી વાહનોને ઘીકેળાં

રાજપીપળા : નર્મદા જિલ્લાના એક મા વડા ડેપો રાજપીપળા એસટી ડેપો માંથી ઉપાડતી કુલ ૫૭ રૂટો પરની બો પૈકી આજે શુવારે ૨૫ રુટોની બસ કેન્સલ કરાતા મુસાફરો અટવાયા હતા ત્યારે આ બાબતે એમ જાણવા મળ્યું કે રાજપીપળા ખાતે રાખેલા ગરીબ કલ્યાણ મેળામાં આ ડેપોની ૨૫ બસો આપવામાં આી હોવાથી કેટલાક રૂટો કેન્સલ કરવા પડ્યા હતા જોકે રાજપીપળા ડેપો પરથી એક્સપ્રેસ અને લોકલ મળી રોજની કુલ ૫૭ જેવા રૂટો પર બસોોડે છે પરંતુ ગરીબ કલ્યાણ મેળા ના કારણે આજે ૨૫ લોકલ રૂટો પર બસ થંભી ગઈ હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારના મુસાફરો ડેપો પર અટવાયા બાદ આખરે ખાનગી વાહનો દ્વારા ગયા હતા સાથે છઠ્ઠી તારીખે પોલીસ પરીક્ષા માટે ડેપોમાં ખુલ્લા મુકાયેલા બુકીંગ કાઉન્ટર પર બુકીંગ માટે આવેલા પરીક્ષાર્થીઓની પણ લાંબી કતારો હતી જેમાં આ લોકો બુકીંગ માટે અલગ અલગ ગામોમાંથી રાજપીપળા આવ્યા પરંતુ પરત ફરવા માટે ડેપોમાંથી જવા બસો ન મળતા એ પણ અટવાયા હતા .

સરકાર એક તરફ ગરીબ કલ્યાણ મેળા યોજી લાખોની જનમેદની એકઠી કરી ગરીબોને સહાય આપવાના તાયફા કરે છે પરંતુ ગરીબ કલ્યાણ મેળાના કારણે નોકરી ધંધા કે ભણવા માટે જતા આવતા હજારો મુાફરો અટવાય તેનું શું...? વર્ષોથી ભાજપના સાસનમાં થયેલા આવા કાર્યક્રમોમાં જનમેદની વધારવા માત્રા એસટી બસોનોજ ઉપયોગ થતો હોય છે જેમાં ગરીબ મુસાફરો કે નોકરિયાતો સમયસર કામધંધે પોહ્ચતા નથી આ તકલીફ માં ખાસ તો અભ્યાસ અર્થે શહેરો માં જતા વિદ્યાર્થીઓ પણ અટવાતા હોય માટે આવા કાર્યક્રમો માટે અન્ય વ્યવસ્થા કરવી જોઈએ.

આજે લોકલ રૂટના ૨૫ રૂટો બંધ કરવામાં આવ્યા છે : ડેપો મેનેજર

રાજપીપળા એસટી ડેપો મેનેજર એન એમ કલ્યાણી એ જણાવ્યું કે આજે ગરીબ કલ્યાણ મેળામાં ૨૫ બસો ફાળવવામાં આવી હોય અમારા કુલ ૫૭ રૂટો માંથીજ આ બસો અપાઈ હતી અમારી પાસે કોઈ એક્સટ્રા બસો ન હોય માટે નિયમિત રૂટો માંથી આજે ૨૫ લોકલ રૂટ અમારે રદ કરવા પડ્યા છે .

બુકીંગ માટે કલાકો ઉભા રહેતા અમારું વાંચન બગડે છે : પરાગ પટેલ

છઠ્ઠી તારીખે જાહેર કરાયેલી પોલીસની પરીક્ષા આપવા જવા માટે અગાઉથી બુકીંગ માટે એસટી ડેપોના બુકીંગ કાઉન્ટર પર ઉભેલા પરાગ પટેલે જણાવ્યું કે બુકીંગ માટેની લાઈનમાં કલાકો ઉભા રહેવાથી અમારું વાંચન બગડે છે પરંતુ ન છૂટકે સરકારની ભૂલનો અમારે ભોગ બનવું પડે છે અને રાજપીપળા એસટી ડેપોમાં એકજ બુકીંગ કાઉન્ટર હોય ઘણો સમય બગડી રહ્યો છે.

ગુજરાત સરકાર સહાયના નામે ગરીબ લાભાર્થીઓની મજાક ઉડાડે છે : પ્રફુલ વસાવા



સવારથી આવેલા લાભાર્થીઓ ભૂખ્યાં તરસ્યા અટવાયા હોય સરકાર સહાયના નામે ગરીબોની મજાક ઉડાડે છે : ડૉ.પ્રફુલ વસાવા

આદિવાસી આગેવાન ડૉ.પ્રફુલભાઈ વસાવાએ જણાવ્યું કે આજના આ ગરીબ કલ્યાણ મેળામાં સાગબારાના છેવાડાના ગામોમાંથી ભૂખ્યા તરસ્યા બસોમાં બેસી સવારે વેહલા આવેલા ગરીબ લાભાર્થીઓને માત્ર એક બિસ્કિટનું પેકેટ આપી પ્રેસર કુકરનો લાભ આપી મેળાના સ્થળે છોડી મુક્યા બાદ લાભાર્થીઓ માથે કુકર મૂકી એક કિલોમીટર ચાલતા એસટી ડેપો ગયા અને ત્યાંથી મોડી સાંજે ઘરે પોહચી જમવાનું બનાવી જમ્યા ત્યારે ગુજરાત સરકાર સહાયના નામે ગરીબોની મજાક ઉડાડી રહી છે.ગરીબ લાભાર્થીઓને બિસ્કિટ અને ભાષણ આપવા આવેલા નેતાઓ,અધિકારીઓ માટે ગરીબોના પૈસે હોટલોમાં પેટ ભરીને જમવાનું હોય એ મજાક નહીં તો શું છે...?

રાજપીપલા : ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમાર, રાજપીપલા નગરપાલિકા પ્રમુખ જીગીશાબેન ભટ્ટ, જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ, જિલ્લાના અગ્રણી ઘનશ્યામભાઈ દેસાઈ, ગુજરાત પ્રવાસન નિગમના ડિરેક્ટર ગજેન્દ્રસિંહ જાડેજા સહિત જિલ્લાના વરિષ્ઠ પદાધિકારીઓ, અધિકારીઓ અને લાભાર્થીઓની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયેલા નર્મદા જિલ્લાના જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાને દિપ પ્રાગટ્ય દ્વારા ખૂલ્લો મૂકાયો હતો. આજના આ ગરીબ કલ્યાણ મેળામાં ૬૭૬૯ લાભાર્થીઓને અંદાજે ૨.૬૬ કરોડની સાધન સહાયના લાભોનું વિતરણ કરાયું હતું.

નર્મદા જિલ્લાના મુખ્યમથકે રાજપીપલામાં છોટુભાઈ પુરાણી મહાવિદ્યાલય ખાતે યોજાયેલા જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાને સંબોધતા ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગત ૨૦૦૯ થી સરકારની વિવિધ યોજનાકીય સહાયના લાભો જાહેરમાં એક મંચ ઉપરથી લાભાર્થીઓને સીધેસીધા પહોંચાડી વચેટીયાઓની કડી નાબુદી માટે શરૂ કેલા ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને સીધેસીધા લાભો પારદર્શી રીતે અપાઇ રહ્યાં છે તેમ જણાવ્યું હતું.

પ્રારંભમાં જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામાએ મના સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી આજના આ ગરીબ કાણ મેળાની રૂપરેા આપી જાવ્યું હતુંકે, ગત ૨૦૦૯-૧૦ થી રાજ્ય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાની પ્રારંભાયેલી શ્રૃંખલા સફળ નિવડી છે અને સરકારશ્રીના પારદશક વહિવટનું ઉત્તમ પ્રતિક બની છે. આ પ્રસંગે ગુજરાત બાળ સંરક્ષણ આયોગના ડિરેક્ટર ભારતીન તડી, ગુજરાત અન્ન આયોગના ડિરેક્ટર ડૉ. દર્શનોન દેશમુખ, ગુજાત વેર હાઉસીંગ બોર્ડા ડિરેક્ટર ભગવાનદાસ પટેલ, કિરણભાઈ વસાવા સહિત જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત,નગરપાલિકાના સદસ્યો , જિલ્લા પંચાયતના પૂર્વ રમુખો, નાયબ વન સંરક્ષક ડૉ. કે. શશીકુમાર અને પ્રતિક પંડ્યા, પ્રાયોજના વહિવટદાર આર.વી. બારીયા, પ્રાંત અધિકારી ડી.કે. ભગત અને ડી.એન. ચૌધરી, નાયબ કલેક્ટર જનક ઠાકોર, ગામના સરપંચો અને રાજપીપલા શહેર ઉપરાંત જિલ્લાભરના લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.,અંતમાં નાંદોદના પ્રાંત અધિકારી ડી.કે. ભગતે આભારદર્શન કર્યું હતું.

ભરૂચ શહેરમાં બે માસ અગાઉ સાત વાહન ચોરીના ગુનામાં પકડાયેલ આરોપીને વધુ ૬ ચોરીની બાઈક સાથે ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓની સુચના મુજબ જીલ્લા મા મિલકત સંબંધી તેમજ વાહનચોરી ના ગુનાઓ અટકાવવા સારૂ એલ.સી.બીના ઈન્ચાર્જ પો.ઈન્સ કે.જે ધડુકની સુચનાથી પો.સ.ઈ વાય.જી.ગઢવી તથા પો.સ.ઈ એ.એસ.ચૌહાણ અલગ-અલગ ટીમો બનાવી ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ મા હતા દરમ્યાન એલ.સી.બી ના પો.કો. મહીપાલસિંહ ને બાતમીદાર મારફતે મળેલ ચોક્કસ બાતમી આધારે મયુર મહેશભાઈ બાબુભાઈ પટેલનાનો બે માસ અગાઉ સાત વાહન ચોરીમાં એલ.સી.બીમાં પકડાયેલ તે હાલ જેલમાંથી છુટી ગયેલ છે અને ઘરે હાજર છે તેની પાસે એક શંકાસ્પદ બાઈક છે જે આધારે તેના ઘરેથી તેને સાઈન બાઈક સાથે ઝડપી પાડેલ છે. અને ઝીણવટ ભરી રીતે તપાસ કરતા વધુ ગુનાઓ ડીટેક્ટ થવા પામેલ છે.

કબ્જે કરેલ મુદ્દામાલ

એક હોન્ડા કંપનીની સાઈન -૧ કીં.રૂ, ૨૫,૦૦૦/- તથા હોન્ડા કંપનીના ૫ એક્ટીવા કીં.રૂ, ૧,૦૫,૦૦૦/- મળી કુલ રૂ. ૧,૩૦,૦૦૦/ -

પકડાયેલ આરોપીઓ

(૧) મયુર મહેશભાઈ બાબુભાઈ પટેલ રહે-આર.કે.૨ એવન્યુગકાન નં-૯૦૧/બી, જય ઝુલેલાલ હોસ્પીટલ પાછળ, ઝાડેશ્વર ચોકડી નજીક, તવરા રોડ,તા.જી-ભરૂચ(૨) અલ્પેશ ઉર્ફ અપ્યુ કનુભાઈ ગોહીલ રહે, ઉટીયાદરા રોડ, સિધ્ધી વિનાયક કોમ્પલેક્ષ પહેલો માળ રૂમ.નં ૧૦૧ કોસંબા

આરોપીની એમ.ઓ

જુના મોડલ ના એકટીવા સ્કુટર કે જેના લોક ડુપ્લીકેટ ચાવી થી સરળતાથી ખુલી જતા હોય તેવા એકટીવાનુ લોક ખોલી ચોરી કરવાની ટેવ વાળો છે.

મયુર મહેશભાઈ બાબુભાઈ પટેલ આ અગાઉ સને-૨૦૧૭ મા સુરત જીલ્લાના કડોદરા પો.સ્ટે. મા પ્રોહીબીશનના ગુનામા અને બે માસ પહેલા ૭ વાહન ચોરીના ગુનામાં ભરૂચ એલ.સી.બીમાં પકડાયેલ હતો.











ભરૂચ સોનેરી મહેલ વિસ્તારના લારી ગલ્લાવાળાએ ધંધો કરવા જગ્યાની માંગ કરી



ભરૂચ શહેરના સોનેરી મહેલ માર્ગની સાઈડ પર વર્ષોથી ધંધો રોજગારી કરતા લારી-ગલ્લા વાળાઓને પાલિકા દ્વારા નોટિસ આપ્યા વગર કેબીનો તથા પતરાનો સામાન લઈ જવામાં આવતા ગરીબ પરિવારોની રોજગારી બંધ ગઈ છે.જેથી લારી ગલ્લા ધારકોએ રોજગારી મેળવવા માટે કોઈ જગ્યા ન હોવાના કારણે પોતાની જગ્યાને ભાડે આપવાની માંગ સાથે કલેકટરને આવેદનપત્ર આપ્યું છે.

શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં માર્ગની સાઈડ પર લારી ગલ્લાવાળા ૨૦થી ૩૦ વર્ષથી આ લોકો ધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પાલિકા દ્વારા શહેરમાં દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન આ લોકોના દબાણ પણ હટાવ્યા હતા. સ્થાનિકોએ કરેલા આક્ષેપોમાં પાલિકા દ્વારા અમને લોકોને કોઈ પણ જાતની નોટિસ આપ્યા વગર અમારા લારી-ગલ્લા લઈ ગયા છે.જેથી અમારો રોજગાર ધંધો એક મહિનાથી ઉપરાંતથી બંધ થઈ ગયો છે જેના લીધે ઘરનું ગુજરાન ચલાવવાનું મુશ્કેલ બન્યું છે. બનાવ અંગે પાલિકાના મુખ્ય અધિકારીને સંજય સોનીને રજુઆત કરી હતી.પરંતુ કોઈ નિરાકરણ નહીં આવતા કલેકટરને આવેદનપત્ર આપીને જણાવ્યું હતું કે,કોઈ સરકારી પડતર જગ્યા આપો જેથી મહેનત કરીને પોતાનું ગુજરાન ચલાવી શકીએ. અથવા અમારી જગ્યા અમને ભાડાપેટે આપો જે ભાડું થતુ હોય તે કહો તે ભરવા પણ અમને મંજુર છે.

વિદેશી દારૂની બોટલ તથા બીયરનો પ્રોહીબીશનનો કેશ સંયુક્ત રીતે શોધીકાઢતી ભરૂચ એલ.સી.બી. તથા અંકલેશ્વર શહેર પોલીસ અને પેરોલફર્લો સ્કોર્ડ



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી છાલલામાં પ્રોઠી/જુગારની અસામાજીક પ્રવૃતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એલ.એ.ઝાલા અંકલેશ્વર તથા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર કે.જે.ધડુક નાઓના માગદર્શન હેઠળ ભરૂચ લોકલ ક્રાઈમબ્રાન્ચના પો.સ.ઈ. વાય. જી.ગઢવી નાઓને ખાનગીરાહે બાતમી મળેલ કે અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમાં કાગદીવાડ ખાતે રહેતા સમુ ઉર્ફે સુજાતખાન બશીરખાન પઠાણના જુના ઘરની સામે આવેલ ફારુકભાઈ ભરોડાવાલાના ઘરે ઈગ્લીશ દારૂનો જથ્થો સંતાડેલ છે જે બાતમી આધારે પ્રોહી અંગેની રેડ કરતા ગે.કા.નો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂળી ૭૫૦ મીલી તથા ૧૮૦ મીલીની બોટલ તથા

બીયર ટીન મળી કુલ બોટલ નંગ ૧૭૭૬ કુલ પેટી નંગ ૭૦/-જેની કુલ ચકિ.રૂ.૧,૯૮,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી બીસ્મીલ્લાખાન બશીરખાન પઠાણ ઉ.વ.૩૯ રહે. કાગદીવાડ.અંકલેશ્વર શહેર ભરૂચનાઓ પકડાઈ ગયેલ તથા વોન્ટેડ;-શજુ ઉર્ફે સુજાતખાન બશીરખાન પઠાણ નાઓ વિરૂધ્ધ પ્રોહી એક્ટ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.ઉપરોકત કામગીરી ભરૂચ એલ.સી.બી. તથા અંક્લેશ્વર શહેર તથા પેરોલફર્લોની ટીમોએ સફળતા મેળવી હતી.

વાલિયા પોલીસે મારૂતિવાનમાં વિદેશી દારૂના મોટા જથ્થા સાથે બે ખેપિયાની અટકાયત કરી

વાલિયા પોલીસે નેત્રંગ રોડ ઉપર આવેલ જલારામ પેટ્રોલ પંપ પાસેથી વિદેશી દારૂ ભરેલ મારૂતિવાન સહીત બે ખેપિયાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે



પોલીસ સુત્રીય માહિતી મુજબ વાલિયા - નેત્રંગ રોડ ઉપરથી વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલ મારૂતિવાન પસાર થવાની હોવાની બાતમીના આધારે વાલિયા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર ઝેડ.એન.ધાસુરા સ્ટાફ સાથે વાલિયા, નેત્રંગ રોડ ઉપર આવેલ જલારામ પેટ્રોલ પંપ પાસે વોચ ગોઠવી હતી.તે દરમિયાન મારૂતિવાન નંબર-જીજે. ૦૫.સીપી.૧૨૮૦ આવતા પોલીસે તેને અટકાવી તેમાં તલાસી લેતા મારૂતીવાન માંથી વિદેશી દારૂની વિવિધ બોટલો નંગ-૨૮૮ મળી આવી હતી.જેની કિંમત રૂપિયા ૭૨ હજાર અને એક મારૂતિ વાન સહીત બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨ લાખ ૪ હજારના મુદ્દામાલ સાથે ઉમરપાડા ગામના જુનેદ ઈબ્રાહિમ કડાવાલા અને કૌશિક ઉર્ફે બલો રસિક ચૌધરીને ઝડપી પડ્યા હતા.બન્ને ની સઘન પૂછપરછ કરતા આ વિદેશીદારૂ નો જથ્થો ફોકડી ગામના ભૂપત ગણપત વસાવા,રાજેશ વસાવા પાસેથી લીધો હોવાનું જણાવતા પોલીસે તેઓ વિરુધ્ધ ગુનો નોંધી ઝડપી પાડવાના ચકોગતિમાન કર્યા છે.

અલથાણ મરઘા ફાર્મ પાસે દારૂના અડ્ડા પર પોલીસે છાપો માર્યો

સુરત

ચલથાણ મરઘા ફાર્મ પાસે પોલીસે દરોડા પાડી વગર પાસ પરવાનાની ઈંગ્લિશ દારૂની જુદી-જુદી બ્રાંડની ૧૮૯ નંગ બોટલો કબજે કરી હતી. પોલીસની રેઈડ જોઈને ત્રણ બુટલેગર ફરાર થઈ જતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસે પ્રોહિબીશન એકટ મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચલથાણ મરઘા ફાર્મ પાસે જીવણભાઈ મોહનભાઈ ચૌહાણ તથા સમાધાન નામનો બુટલેગર રહે છે. આ સાથે પિન્ટુ ફકીરા પણ તેઓ સાથે રહે છે. પોલીસે ગત દિવસોમાં ચલથાણ મરઘા ફાર્મ ઓવરબ્રિજ નીચે દરોડા પાડયા હતા. અને આ દરોડાની કાર્યવાહી જોઈને ત્રણેય આરોપીઓ ફરાર થઈ જતા પોલીસ વગર પાસ પરવાનાની ઈંગ્લિશ દારૂની જુદી-જુદી બરાન્ડની ૧૮૯ નંગ બોટલો કિંમત રૂા. ૨૭,૬૫૦/-ની કબજે કરી હતી. જોકે, પાછળથી પોલીસે જીવણભાઈ ચૌહાણ નામના બુટલેગરની ધરપકડ કરી હતી.

અંકલેશ્વર ખાતે દ્વારા ૮મો AIA ઈન્ડસ્ટ્રીયલ એકસ્પો-૨૦૧૯નો શુભારંભ કરાયો



અંકલેશ્વરમાં ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા ૮મો AIA ઈન્ડસ્ટ્રીયલ એકસ્પો-૨૦૧૯ નો ૩થીપ જાન્યુઆરી સુધી એમ ત્રણ દિવસ માટે ડી.એ. આનંદપુરા સાંસ્કૃતિક અને રમત ગમત સંકુલ, જીઆઈડીસી, અંકલેશ્વર ખાતે યોજવામાં આવ્યો છે. મેગા પ્રદર્શનની અંદર નાના-મોટા થઈને ૩૦૦ થી વધારે સ્ટોલ ઉભા કરવામાં આવેલ છે. એકઝીબીશન સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે.એકઝીબીશનના ઉદઘાટન સમયે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન બલવંતસિંહ રાજપુત (ચેરમેન જીઆઈડીસી ગાંધીનગર), FIA પ્રમુખ પ્રોબોધ પટેલ,એક્સપો પ્રોજેક્ટ ચેરમેન પ્રવિન તેરૈયા, ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલ, શ્રમ વિભાગના ડાયરેક્ટર સી.જે. પટેલ તથા પનોલી તેમજ વિવિધ ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓ દીપ પ્રાગટય કરી એક્સપોનો શુભારંભ કર્યો હતો.

એકઝીબીશનમાં ફાર્માસ્યુટીકલ્સ કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પોલીમર્સ, એગ્રીકલ્ચર, પેસ્ટીસાઈડસ, ઓઈલ એન્ડ લુબ્રીકેન્ટ, એન્જિનિયરીગ, ટુલ્સ એન્ડ મશીનરી, પ્રોસેસ કંટ્રોલ ઈકવીપમેન્ટસ, પોલ્યુશન કંટ્રોલ ઈકવીપમેન્ટસ, ઈલેકટ્રીકલ્સ એન્ડ ઈલેકટ્રોનીકસ, ઓટોમેશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર વિગેરે ઉદ્યોગોએ ભાગ લેનાર છે. AIA ઈન્ડસટ્રીયલ દ્વારા એકસ્પોની મુલાકાત ૫૦૦૦૦ થી વધુ મુલાકાતીઓ લેશે તેવી અપેક્ષા અને સંભાવના છે.

રાજપીપળા દોલત બજારમાં શરૂ કરાયેલી શ્રીમદ ભાગવત સપ્તાહનો આજે અંતિમ દિવસ



રાજપીપળાઃ રાજપીપળા દોલત બજારમાં આવેલા શિવશક્તિ ધામ ખાતે ૩૦ ડિમ્બરથી શ્રીમદ ભાગવત સપ્તાહની શરૂઆત થઈ હોય શ્રી ભદ્રેશભાઈ દવેના મધુર કંઠે શરુ કરાયેલી આ કથાનું આયોજન ભવદીય મનીષાબેન બ્રહ્મભટે કર્યું છે ત્યારે હાલ ચાલી રહેલી કથામાં નૃસિંહ જન્મ, વામન જન્મ,રામ જન્મ, કૃષ્ણ જન્મ, ગોવર્ધન લીલા, રુક્મણિ વિવાહ સહિતના પ્રસંગોનું તારીખ ૪ જાન્યુઆરી સુધી શ્રી ભદ્રેશભાઈ દવે વ્યાસપીઠ પરથી એમના મધુર કંઠે રસપાન કરાવ્યું હતું અને આજે તારીખ ૫ જાન્યુઆરીએ કથાના વિરામ બાદ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન હવન અને સાંજે ૭ વાગે પોથીયાત્રા નીકળશે એમ કથાના આયોજક મનીષાબેન બ્રહ્મભટે જણાવ્યું હતું.









નાંદોદના વરખડમાં પરણાવેલી યુવતી સાથે બન્યો બેગમ બાદશાહનો અજીબોગરીબ કિસ્સો

મારે તો બાદશાહ જોઈતો હતો અને બેગમ આવી એમ કહી પતિએ પત્નીને દીકરી સાથે તગેડી મુકતા ફરિયાદ

મહિલા સશક્તિકરણના ધજાગરા ઉડાડતો આ કિસ્સો પોલીસ મથકે આવતા તપાસ શરૂ

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નરખડી ગામના અર્જુનભાઈ વસાવાની દીકરી દેવિકાના લગ્ન નાંદોદના વરખડ ગામમાં રહેતા નિલેશ લાલજીભાઈ વસાવા સાથે થયા બાદ દેવિકાબેને એક દીકરીને જન્મ આપ્યા બાદ સાસરિયાઓને દીકરો જોઈતો હોય સુવાવડ બાદ સાસરિયાઓએ પોત પ્રકાસ્યું અને દેવિકાબેનને સાસુ માયાબેન અને સસરા લાલજીભાઈની ચઢામણીથી દેવિકાબેનને પતિ નીલેશે ત્રાસ આપવાનું શરુ કર્યું અને જણાવ્યુકે મારેતો બાદશાહ જોઈતો હતો અને બેગમ આવી એમ કહી સાસુ માયાબેન અને સસરા, પતિએ ઘરના કામ બાબતે તુ કામચોર છે કહી મેણાંટોણાં મારી અવારનવાર દેવિકાબેનને ગાળોબોલી ધાક ધમકીઓ આપી તથા કન્યાદાનમાં લાવેલ સામાન અને દાગીનાની માંગણી કરી શારિરીક તથા માનસીક ત્રાસ આપી દેવિકાને એક વર્ષની દિકરી સાથે પહેરેલ કપડે ઘરમાથી કાઢી મુકી સાસરિયાઓએ એકબીજાની મદદગારી કરતા આખરે કંટાળેલી દેવિકાબેને રાજપીપળા મહિલા પો.સ્ટે.માં પતિ સાસુ અને સસરા વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

નાંદોદ તાલુકાના નરખડીની વરખડ ખાતે પરણાવેલી પરણીતાને દહેજ માટે એ દીકરીનો જન્મ થતા સાસરિયાઓએ ત્રાસ આપતા પરણિતા એ મહિલા પોલીસમાં પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ ફરિયાદ આપી

સુરત મહાનગર પાલિકાનું રૂા. ૪૮ કરોડના વેરા વધારા સાથે રૂા. ૫૫૯૯ કરોડનું ડ્રાફ્ટ બજેટ

વેરાની આવક

વિગત	૨૦૧૮-૨૦૧૯ (સુધારેલ)	૨૦૧૯-૨૦૨૦ (ડ્રાફ્ટ)
મિલ્કતવેરો (યુઝરચાર્જ સહિત)	૯૮૯.૧૬	૧૦૩૬.૨૪
પ્રોફેશનલ ટેક્ષ	૧૪૩.૩૨	૧૫૦.૪૯
યાંત્રિક પરિવહન ચાર્જ	૮૫.૦૦	૯૦.૦૦
કુલ	૧૨૧૭.૪૮	૧૨૭૬.૭૩

મ્યુનિ. કમિશનર થેન્નારસને વર્ષ ૨૦૧૯-૨૦નું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું : નવા કોઈ પ્રોજેક્ટનો બજેટમાં સમાવેશ કરાયો નથી

સુરત

આજે સુરત મહાનગરપાલિકાના કમિ. એમ. થેન્નારસને રજૂ કરેલા નાણાંકીય વર્ષે ૨૦૧૯-૨૦૨૦નું ડ્રાફ્ટ બજેટ રૂા. ૫૫૯૯ કરોડનું જહેર કર્યુ હતું. અખબાર નવેસો સાથે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં મનપા કમિ. એમ. થેન્નારસને સામાન્યવેરો, યુઝર્સ ચાર્જીસ, વાહન વેરામાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હોવાનું જણાવ્યું હતું.

આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી અને ગત વર્ષે વેરા વધારાને કારણે કોંગ્રેસ પક્ષના આકરા આંદોલનને કારણે વેરો વધારો પાછો ખેંચવાની ફરજ પડી હતી. જેને ધ્યાનમાં રાખીને આ વખતે સુરત મહાનગરપાલિકા કમિ. એમ. થેન્નારસને આજે રજૂ કરેલા નવા વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટેના ડ્રાફ્ટ બજેટમાં અપેક્ષા મુજબ આકરા કર વેરા, યુઝર્સ ચાર્જમાં વધારો કર્યો ન હતો. માત્ર સામાન્ય વેરામાં ૧૯ કરોડ અને યુઝર્સ ચાર્જીસમાં રૂા. ૨૯ કરોડનો આંશિક વધારોક રીને સુરતની પ્રજાને રાહત આપી હતી.

સુરત મહાનગર પાલિકાનું આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે આજે કમિશનર એમ. થેન્નારસન દ્વારા ૫૫૯૯ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. આગામી બજેટમાં ૧૯ કરોડનો સામાન્ય વેરા તેમજ ૨૯ કરોડના યુઝ ચાર્જીસ સહિત ૪૮ કરોડનો સામાન્ય સિસ્ટમ પ્રમાણે વેરા વધારો અંદાજવામાં આવ્યો છે.

મનપા કમિશનરે પત્રારોને ડ્રાફ્ટ બજેટ અને સુધારેલ બજેટ અંગે વિસ્તૃત માહિતી મીડિયાને આપતા જણાવ્યું હતું કે, શહેર કન્ટેનર ફ્રી થયું છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન બેસ્ટ અબૂન ટ્રાન્સપોર્ટેશનનું સિસ્ટમની અમલવારી, સ્માર્ટસિટી પ્રોજેક્ટની શરૂ થઈ છે. ફાસ્ટેટ ગ્રોઈંગ સિટીનો એવોર્ડ સુરત મહાનગરપાલિકાને મળ્યો તે અભિનંદન પાત્ર છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે બજેટનું કદ ૫૫૯૯ કરોડ રાખવામાં આવ્યું છે. જેમાં ૨૫૧૫ કરોડનું બજેટ કેપિટલ ખર્ચ માટે આંકવામાં આવ્યું છે. આઉટકમ બજેટ માટે ૧૬૬૬ કરોડના ૩૯૩ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રેવેન્યુ આવક ૨૯૩૯ કરોડની સામે રેવેન્યુ ખર્ચ ૩૦૮૪ કરોડનો રહેશે. આગામી બજેટમાં કર્મચારીઓનો પગાર પેન્શન અને નિવૃત્તિના લાભો માટે ૧૬૦૯ કરોડનો ખર્ચ થશે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે પાલિકાને જકતની અવેજમાં સરકાર તરફથી ૭૯૫ કરોડની આવક મળી હતી જે આગામી વર્ષે ૨૦૧૯-૨૦ માટે પણ ૭૯૫ કરોડની ગ્રાન્ટ મળશે.

ચાલુ નાણાંકીય વર્ષમાં ૩૮૩ કરોડનો સામાન્ય વેરો છે જે આગામી વર્ષમાં ૪૦૨ કરોડનો થશે. આમ વેરામાં ૧૯ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે પાલિકા ૬૦૫ કરોડના યુઝર ચાર્જીસની સામે ૬૩૪ કરોડનો યુઝર ચાર્જીસ રહેશે. આમ યુઝ ચાર્જીસમાં ૨૯ કરોડનો વધારો થયો છે વેરો અને યુઝર ચાર્જીસ મળી કુલ્લે ૪૮ કરોડનો વધારો ઝીંકવામાં આવ્યો છે.

બજેટ : ૨૦૧૯-૨૦

- કુલ અંદાજીત બજેટ રૂ.૫૫૯૯ કરોડ
- કુલ કેપિટલ બજેટ રૂ. ૨૫૧૫ કરોડ
- આઉટકમ બેઈઝ્ડ બજેટ- રૂ.૧૬૬૬ કરોડનાં કુલ ૩૯૩ કામોનો સમાવેશ
- શહેરને વૈશ્વિક દરજ્જાની સ્માર્ટ સીટી બનાવવાનો સંકલ્પ કેન્દ્ર સ્થાને વિકાસ કામોની પ્રગતિ માટે પ્રતિબદ્ધતા
- શહેરના તમામ વિસ્તારો અને ઘટકો સુધી લાભ આપતી માળખાગત સુવિધાઓના વિકાસ ઉપર ભાર.
- સીટી બ્યુટીફીકેશન, સ્કીલ અપગ્રેડેશન તથા સામાજિક સુરક્ષા, પર્યાવરણ માટેના સઘન પગલાઓ
- વેન્ડર સ્પેસ, પેડેસ્ટ્રીયન રોડ સેફ્ટીને પ્રાધાન્ય, સ્પેસ તથા પ્લેસ મેકિંગનું આયોજન ફ્લોટીંગ લેબર્સ માટે 'NULMસેન્ટર'
- ટ્રાફિક તથા પર્યાવરણને ધ્યાને લઈ પાર્કિંગ પોલીસીનો અમલ, તેમજ ઈલેક્ટ્રોનિક અને ગ્રીન બસ, વાહનોનો ઉપયોગ, માસ ટ્રાન્સપોટેશનને પ્રાધાન્ય
- સસ્ટેનેબલ ઈકો સીટી બનાવવા તરફ વિશેષ ધ્યાન - રીસાયકલિંગ ઓફ વોટર, રીન્યુએબલ એનર્જી, ગ્રીન બેલ્ટ, ગ્રીન સ્કેપ, બ્લ્યુ સ્કેપ અને યલ્લો સ્કેપ ડેવલપમેન્ટ











